ફોન :-
પાટણ : ૨૩૦૦૬૮/૨૨૦૨૨૮
: ૨૩૦૮૦૮/૨૨૧૩૪૭
હારીજ : ૨૨૨૪૦૪
ઉંઝા : ૨૫૩૪૧૯
web : www. dpthakker.com
Email : dptco123@gmail.com

ESTD DPT 1956

ડી. પી. ઠક્કર એન્ડ કું.
ડી. પી. ઠક્કર એન્ડ બ્રધર્સ
ટેક્ષ કન્સલટન્ટસ
'શ્રી કુંજ', સ્ટેશન રોડ, પાટણ.

બ્રાન્ચ : નીધી હોસ્પીટલ બિલ્ડીંગ, સ્ટેડીયમ કોમર્સ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૯

તા. ૧૫/૦૩/૨૦૨૩

**ભાઇશ્રી,**

ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ તા : ૩૧/૦૩/૨૦૨૩ ના રોજ પુરું થાય છે. જેનું એસેસમેન્ટ વર્ષ ૨૦૨૩-૨૪ છે એટલે ઇન્કમટેક્ષ અને GST કાયદા હેઠળની કેટલીક અગત્યની જવાબદારીઓ તથા જોગવાઇઓ સમજવી જરૂરી છે તેની કેટલીક માહિતી નીચે પ્રમાણે છે.

## ઇન્કમટેક્ષ

### (૧) માર્ચ/એપ્રિલ ૨૦૨૩ માં પાલન કરવાની જવાબદારી :-

(૧) એડવાન્સ ટેક્ષ હજુ સુધી ભરેલો ન હોય કે ઓછો એડવાન્સ ટેક્ષ ભર્યો હોય તો તારીખ : ૩૧/૦૩/૨૦૨૩ સુધી વ્યાજ સાથે ભરી શકાય. એડવાન્સ ટેક્ષ ભરવા અંગેની વિગતવાર માહિતી અમારા તારીખ : ૨૮/૦૨/ ૨૦૨૩ ના સરકયુલર માં આપેલી છે.

(૨) જો વ્યાજ કપાત ન કરવાની હોય તો જેમની ડિપોઝીટની રકમ જમા હોય તેમની પાસેથી ફોર્મ નંબર 15G કે 15H લેવાના રહે છે તે તારીખ : ૩૧/૦૩/૨૦૨૩ પહેલા મેળવી લેવા જરૂરી છે કારણ આવા ફોર્મ 15G કે 15H તારીખ : ૩૦/૦૪/૨૦૨૩ સુધીમાં ઇન્કમટેક્ષ ખાતામાં ''ઓનલાઇન'' ફાઇલ કરવા જરૂરી છે.

(૩) TDS / TCS જે ભરવાની હોય તે સમયસર ભરવી જરૂરી છે.

(૪) TDS / TCS ની જોગવાઇ મુજબ જે કપાત કરેલી હોય તેના સ્ટેટમેન્ટ ફોર્મ 24Q, 26Q, 27EQ વિગેરે સમયસર ભરવા જરૂરી છે. માર્ચ ૨૦૨૩ માં જે TDS/TCS કરી હોય તે **તા. ૩૦/૦૪/૨૦૨૩** સુધી ભરી શકાશે. વર્ષ દરમિયાન જે મહિનામાં TDS પાત્ર રકમનું પેમેન્ટ કરવામાં આવે તેના પછીના મહિનાની ૭ તારીખ સુધીમાં TDS ભરવી પડે.

(૫) TDS / TCS સમયસર ન ભરવા માટે વ્યાજ લાગે છે અને વારંવાર TDS / TCS ની રકમ મોડી ભરાતી હોય તો હમણાંથી ઇન્કમટેક્ષ ખાતાનો અભિગમ પ્રોસીક્યુશન - ફોજદારી - કાર્યવાહી કરવાનો વિશેષ છે એટલે TDS / TCS ની રકમ સમયસર ભરવી ખુબ જરૂરી છે અને તેવી જ રીતે TDS / TCS ના સ્ટેટમેન્ટ ફોર્મ 24Q, 26Q, 27EQ વિગેરે સમયસર ભરવા જરૂરી છે અને આવા સ્ટેટમેન્ટ સમયસર ભરવામાં ના આવે તો દરરોજ ના રૂા. ૨૦૦/- લેખે લેટ ફી ભરવી પડે છે અને જો આ સ્ટેટમેન્ટ સમયસર ભરીએ નહિ તો જેની TDS / TCS કરી હોય તેના 26AS માં આ રકમ આવશે નહીં જેના લીધે તેમને પણ TDS / TCS ની ક્રેડીટ મળશે નહીં.

### (૨) ઇન્કમટેક્ષ ના દર :-

(૧) ડિડકશનના લાભ લેવા હોય તો આવક ઉપર નોર્મલ ટેક્ષના દર નીચે પ્રમાણે છે :-

(૧) ૬૦ વર્ષ સુધીની વ્યક્તિ (સ્ત્રી કે પુરૂષ) HUF/AOP/BOI :

| કરપાત્ર આવક | આવક વેરાનો દર | + ટેક્ષની રકમ ઉપર સરચાર્જ | = ટોટલ | + હેલ્થ + એજ્યુ. સે. | = કુલ દર |
|---|---|---|---|---|---|
| પ્રથમ અઢી લાખ સુધી | ૦% | ૦% | ૦% | ૦% | ૦% |
| અઢી લાખથી પાંચ લાખ સુધી | ૫% | ૦% | ૫% | ૪% | ૫.૨૦% |
| પાંચ લાખથી દસ લાખ સુધી | ૨૦% | ૦% | ૨૦% | ૪% | ૨૦.૮૦% |
| દસ લાખથી પચાસ લાખ સુધી | ૩૦% | ૦% | ૩૦% | ૪% | ૩૧.૨૦% |
| પચાસ લાખથી એક કરોડ સુધી | ૩૦% | ૧૦% | ૩૩% | ૪% | ૩૪.૩૨% |
| એક કરોડથી બે કરોડ સુધી | ૩૦% | ૧૫% | ૩૪.૫૦% | ૪% | ૩૫.૮૮% |
| બે કરોડથી પાંચ કરોડ | ૩૦% | ૨૫% | ૩૭.૫૦% | ૪% | ૩૯% |
| પાંચ કરોડથી વધુ | ૩૦% | ૩૭% | ૪૧.૧૦% | ૪% | ૪૨.૭૪% |

(૨) સિનિયર સિટીઝન સ્ત્રી કે પુરૂષ (૬૦ થી ૮૦ વર્ષ સુધી)

| કરપાત્ર આવક | આવક વેરાનો દર | + ટેક્ષની રકમ ઉપર સરચાર્જ | = ટોટલ | + હેલ્થ + એજ્યુ. સે. | = કુલ દર |
|---|---|---|---|---|---|
| પ્રથમ ત્રણ લાખ સુધી | ૦% | ૦% | ૦% | ૦% | ૦% |
| ત્રણ લાખથી પાંચ લાખ સુધી | ૫% | ૦% | ૫% | ૪% | ૫.૨૦% |
| પાંચ લાખથી વધુની આવક માટે ઉપર પેટા કમલ (૧) માં જે દર લખ્યા છે તે પ્રમાણે | | | | | |

(૩) સુપર સિનિયર સિટીઝન સ્ત્રી કે પુરૂષ (૮૦ વર્ષથી ઉપરના)

| કરપાત્ર આવક | આવક વેરાનો દર | + ટેક્ષની રકમ ઉપર સરચાર્જ | = ટોટલ | + હેલ્થ + એજ્યુ. સે. | = કુલ દર |
|---|---|---|---|---|---|
| પ્રથમ પાંચ લાખ સુધી | ૦% | ૦% | ૦% | ૦% | ૦% |
| પાંચ લાખથી વધુની આવક માટે ઉપર પેટા કમલ (૧) માં જે દર લખ્યા છે તે પ્રમાણે | | | | | |

**<u>નોંધ :-</u>**

(૧) અંગત રેસિડેન્ટ (રહીશ) વ્યક્તિના કેસમાં પાંચ લાખથી ઓછી કરપાત્ર આવક હોય તો ઈન્કમટેક્ષ માફ છે.

(૨) કુલ આવક ૨ કરોડથી વધુ હોય અને એમાં ડિવિડન્ડની આવકનો સમાવેશ થતો હોય તો ડિવિડન્ડની આવક ઉપર જે ઈન્કમટેક્ષ થતો હોય તેના ઉપર સરચાર્જ ૨૫% ને બદલે ૧૫% લાગે

(૨) ડિડક્શનના લાભ લેવા ના હોય તો આવક ઉપર નવી સ્કીમના ટેક્ષના દર નીચે પ્રમાણે છે. :-

(૧) સ્ત્રી કે પુરૂષ વ્યક્તિ / HUF :

| કરપાત્ર આવક | આવક વેરાનો દર | + ટેક્ષની રકમ ઉપર સરચાર્જ | = ટોટલ | + હેલ્થ + એજ્યુ. સે. | = કુલ દર |
|---|---|---|---|---|---|
| પ્રથમ અઢી લાખ સુધી | ૦% | ૦% | ૦% | ૦% | ૦% |
| અઢી લાખથી પાંચ લાખ સુધી | ૫% | ૦% | ૫% | ૪% | ૫.૨૦% |
| પાંચ લાખથી સાડા સાત લાખ સુધી | ૧૦% | ૦% | ૧૦% | ૪% | ૧૦.૪૦% |
| સાડા સાત લાખથી દસ લાખ સુધી | ૧૫% | ૦% | ૧૫% | ૪% | ૧૫.૬૦% |
| દસ લાખથી સાડા બાર લાખ સુધી | ૨૦% | ૦% | ૨૦% | ૪% | ૨૦.૮૦% |
| સાડા બાર લાખથી પંદર લાખ સુધી | ૨૫% | ૦% | ૨૫% | ૪% | ૨૬% |
| પંદર લાખથી પચાસ લાખ સુધી | ૩૦% | ૦% | ૩૦% | ૪% | ૩૧.૨૦% |
| પચાસ લાખથી ૧ કરોડ સુધી | ૩૦% | ૧૦% | ૩૩% | ૪% | ૩૪.૩૨% |
| એક કરોડથી ૨ કરોડ સુધી | ૩૦% | ૧૫% | ૩૪.૫૦% | ૪% | ૩૫.૮૮% |
| બે કરોડથી પાંચ કરોડ સુધી | ૩૦% | ૨૫% | ૩૭.૫૦% | ૪% | ૩૯% |
| પાંચ કરોડથી વધુ | ૩૦% | ૩૭% | ૪૧.૧૦% | ૪% | ૪૨.૭૪% |

**(૩) નવી સ્કીમના ઈન્કટેક્ષના દર નો લાભ લેવા માટે નીચેની શરતો લાગુ પડે છે :- (F.Y. ૨૦૨૨-૨૩ માં)**

(૧) દર વર્ષે ઈન્કમટેક્ષ રિટર્ન ભરતા પહેલા ફોર્મ 10-IE ઓનલાઈન ફાઈલ કરીને નવી સ્કીમના ટેક્ષ દરની પસંદગી કરવી પડે. (ધંધાની આવક ન હોય તેમણે)

(૨) જો અંગત ધંધો કરતા હોય કે ભાગીદારી પેઢીમાં ભાગ હોય તો આવી પસંદગી કર્યા પછી એક જ વખત ફેરફાર કરી શકાય.

(૩) આવકમાંથી નીચેના ડીડક્શન બાદ મળે નહીં :-

(૧) પગારની આવકમાંથી સ્ટાન્ડર્ડ ડીડકશન, LTC, HRA, પ્રોફેશનલ ટેક્ષ વિગેરે (૨) કલમ 80C હેઠળની કપાતો એટલે કે વીમો, PPF વિગેરે રૂા. ૧,૫૦,૦૦૦/- સુધી (૩) NPS રૂા. ૫૦,૦૦૦/-સુધી (૪) મેડિકલ વીમો (૫) ડોનેશન (૬) સેવિંગ ખાતાનું વ્યાજ (૭) સીનીયર-સીટીઝન ને બાદ મળતું F.D. નું વ્યાજ (૮) શારીરિક ખોડ ખાંપણ માટે બાદ મળતી કપાત વિગેરે (૯) સીનીયર સીટીઝન અને સુપર સીનીયર સીટીઝનને શરૂઆતની કપાત રૂા.૨,૫૦,૦૦૦/- જ બાદ મળશે. (૧૦) હાઉસીંગ લોનનું વ્યાજ રૂા. ૨,૦૦,૦૦૦/- સુધી.

(૪) એટલે નવી સ્કીમના ટેક્ષ દરે ભરવાનો ટેક્ષ તથા ચાલુ નોર્મલ દરે ભરવાનો ટેક્ષ ગણત્રી કરી જેમાં ફાયદો હોય તે ટેક્ષ દરની પસંદગી કરીને રીટર્ન ભરી શકાય.

(૫) નવી સ્કીમના ટેક્ષ દરનો લાભ લેવો હોય તો ઈન્કમટેક્ષ રીટર્ન સમયસર ભરવું ફરજીયાત છે.

**(૪) શેર/M. Fund ના વેચાણ ઉપર શોર્ટ ટર્મ કેપીટલ ગેઈનના દર :-**

(૧) વ્યક્તિ /HUF /AOP :

| કરપાત્ર આવક | આવક વેરાનો દર | + ટેક્ષની રકમ ઉપર સરચાર્જ | = ટોટલ | + હેલ્થ + એજ્યુ. સે. | = કુલ દર |
|---|---|---|---|---|---|
| પચાસ લાખ સુધી | ૧૫% | ૦% | ૧૫% | ૪% | ૧૫.૬૦% |
| પચાસ લાખથી એક કરોડ સુધી | ૧૫% | ૧૦% | ૧૬.૫૦% | ૪% | ૧૭.૧૬% |
| એક કરોડથી વધુ | ૧૫% | ૧૫% | ૧૭.૨૫% | ૪% | ૧૭.૯૪% |

**(૫) શેર / M.F. ના વેચાણ ઉપર લૉંગટર્મ કેપીટલ ગેઈનના દર :-**

વ્યક્તિ /HUF /AOP :

| કરપાત્ર આવક | આવક વેરાનો દર | + ટેક્ષની રકમ ઉપર સરચાર્જ | = ટોટલ | + હેલ્થ + એજ્યુ. સે. | = કુલ દર |
|---|---|---|---|---|---|
| પચાસ લાખ સુધી | ૧૦% | ૦% | ૧૦% | ૪% | ૧૦.૪૦% |
| પચાસ લાખથી એક કરોડ સુધી | ૧૦% | ૧૦% | ૧૧% | ૪% | ૧૧.૪૪% |
| એક કરોડથી વધુ | ૧૦% | ૧૫% | ૧૧.૫૦% | ૪% | ૧૧.૯૬% |

**(૬) શેર / M.F. સિવાયની અન્ય મિલકતોના વેચાણ ઉપર લૉંગટર્મ કેપીટલ ગેઈનના દર :-**

વ્યક્તિ /HUF /AOP :

| કરપાત્ર આવક | આવક વેરાનો દર | + ટેક્ષની રકમ ઉપર સરચાર્જ | = ટોટલ | + હેલ્થ + એજ્યુ. સે. | = કુલ દર |
|---|---|---|---|---|---|
| પચાસ લાખ સુધી | ૨૦% | ૦% | ૨૦% | ૪% | ૨૦.૮૦% |
| પચાસ લાખથી એક કરોડ સુધી | ૨૦% | ૧૦% | ૨૨% | ૪% | ૨૨.૮૮% |
| એક કરોડથી વધુ | ૨૦% | ૧૫% | ૨૩% | ૪% | ૨૩.૯૨% |

**નોંધ :-**

(૧) શેર / M.F. માં કરેલું રોકાણ ૧૨ મહિનાથી ઓછા સમય માટે હોય તો શોર્ટ ટર્મ કેપીટલ ગેઈન ગણાય.

(૨) શેર / M.F. માં કરેલું રોકાણ ૧૨ મહિનાથી વધુ સમય માટે હોય તો લોંગ ટર્મ કેપીટલ ગેઈન ગણાય.

(૩) શેર / M.F. સિવાયની અન્ય કોઈપણ મિલકતમાં કરેલું રોકાણ ૨૪ મહિનાથી ઓછા સમય માટે હોય તો શોર્ટ ટર્મ કેપીટલ ગેઈન ચાલુ આવકમાં ગણાય.

(૪) શેર / M.F. સિવાયની અન્ય કોઈપણ મિલકતમાં કરેલું રોકાણ ૨૪ મહિનાથી વધુ સમય માટે હોય તો લોંગ ટર્મ કેપીટલ ગેઈન ગણાય.

(૫) કંપની શેર Buy Back કરે તો શેર હોલ્ડરના કેસમાં કોઈ કેપીટલ ગેઈન ગણાતો નથી એટલે એવો કેપીટલ ગેઈન માફ છે.

**(૭) અંગત અને HUF ને કુલ આવકમાંથી નીચે પ્રમાણે ડિડકશન બાદ મળવાપાત્ર છે. :-**

(૧) કલમ 80C હેઠળ વીમો PPF, NSC, સ્કૂલ ફી (માત્ર વ્યક્તિને), ટેક્ષ સેવર FD, મ્યુ.ફંડ, હાઉસિંગ લોનમાં ભરેલી રકમ વિગેરેમાં ૧,૫૦,૦૦૦/- સુધી

(૨) નેશનલ પેન્શન સ્કીમમાં ૫૦,૦૦૦/- સુધી

(૩) મેડિકલ વીમાની રકમ ૨૫,૦૦૦/- સુધી + હેલ્થ ચેકઅપ ખર્ચ ૫૦૦૦/- સુધી પણ વ્યક્તિની ઉંમર જો ૬૦ વર્ષથી વધુ હોય તો મેડીકલ વીમો ૫૦૦૦૦/- સુધી

(૪) પોતાનો કે ફેમિલીનો કે માતા-પિતાનો મેડીકલ વીમો ન હોય તો મેડીકલ ટ્રીટમેન્ટનો ખર્ચ A/c Payee ચેક થી કે ડિજિટલ પેમેન્ટ થી કરેલો હોય તો પોતાનો અને ફેમિલીનો ૫૦,૦૦૦/- સુધીનો ખર્ચ + સીનીયર સીટીઝન માતા - પિતા માટે કરેલો ખર્ચ ૫૦,૦૦૦/- સુધી

(૫) ખોડ ખાંપણ વાળી વ્યક્તિને નિયમ પ્રમાણે સરકારી હોસ્પિટલનું યોગ્ય સર્ટિફિકેટ રજુ કરવાથી ૭૫,૦૦૦/ ૧,૨૫,૦૦૦/- સુધી. આવું સર્ટિફિકેટ પ્રથમ વખત ક્લેઇમ કરવામાં આવે ત્યારે આપવું જરૂરી છે પછી દર વર્ષે આ સર્ટિફિકટ આપવાની જરૂર નથી.

(૬) કલમ 80G માફી સર્ટિફિકેટ ધરાવતી સંસ્થાને કરેલા દાનની રકમ ઉપર આવકના ૧૦% ની મર્યાદામાં દાનની રકમના ૫૦% રકમ (જો દાનની રકમ રૂા. ૨૦૦૦/- થી વધુ હોય તો A/c Payee ચેક/DD/ECS/ થી દાન આપેલું હોય તો જ બાદ મળે) અને જે માટે ચેરીટેબલ ટ્રસ્ટ પાસેથી ડોનેશનની પાવતી, ફોર્મ 10BE લેવા જરૂરી છે.

(૭) સીનીયર સીટીઝનને બેંક કે પોસ્ટ સેવિંગ ખાતાનું અને એફ.ડી.નું વ્યાજ રૂા. ૫૦૦૦૦/- સુધી.

(૮) સીનીયર સીટીઝન સિવાયની વ્યક્તિને તથા HUF ને બેંક અને પોસ્ટ ઓફિસ સેવિંગખાતાનું વ્યાજ રૂા. ૧૦૦૦૦/- સુધી.

(૯) રહેવાના મકાન માટે હાઉસીંગ લોન ઉપર ભરેલું વ્યાજ રૂા. ૨,૦૦,૦૦૦/- સુધી.

(૧૦) રહેવાનું મકાન હોય નહીં અને એફોર્ડેબલ હાઉસીંગ સ્કીમ હેઠળ ૪૫ લાખ સુધીનું નવું મકાન ખરીદેલું હોય તો તારીખ : ૩૧/૦૩/૨૦૨૨ સુધીમાં મંજુર થયેલી હાઉસીંગ લોન ઉપર રૂા. ૨ લાખ ઉપરાંત વધારાનું રૂા. ૧૫૦૦૦૦/- સુધી વ્યાજ બાદ મળે.

## (૮) ભાગીદારી પેઢી /LLP ની આવક ઉપર ઇન્કમટેક્ષના દર :-

| કરપાત્ર આવક | આવક વેરાનો દર | + ટેક્ષની રકમ ઉપર સરચાર્જ | = ટોટલ | + હેલ્થ + એજ્યુ. સે. | = કુલ દર |
|---|---|---|---|---|---|
| એક કરોડ સુધી | ૩૦% | ૦% | ૩૦% | ૪% | ૩૧.૨૦% |
| એક કરોડથી વધુ | ૩૦% | ૧૨% | ૩૩.૬૦% | ૪% | ૩૪.૯૪% |

## (૮-અ) ભાગીદારી પેઢી /LLP ને શેર/M.F ના વેચાણ ઉપર કેપીટલ ગેઇન ટેક્ષના દર :-

| કરપાત્ર આવક | આવક વેરાનો દર | + ટેક્ષની રકમ ઉપર સરચાર્જ | = ટોટલ | + હેલ્થ + એજ્યુ. સે. | = કુલ દર |
|---|---|---|---|---|---|
| શોર્ટ ટર્મ એક કરોડ સુધી | ૧૫% | ૦% | ૧૫% | ૪% | ૧૫.૬૦% |
| શોર્ટ ટર્મ એક કરોડથી વધુ | ૧૫% | ૧૨% | ૧૬.૮૦% | ૪% | ૧૭.૪૭% |
| લોંગ ટર્મ એક કરોડ સુધી | ૧૦% | ૦% | ૧૦% | ૪% | ૧૦.૪૦% |
| લોંગ ટર્મ એક કરોડથી વધુ | ૧૦% | ૧૨% | ૧૧.૨૦% | ૪% | ૧૧.૬૪% |

## (૮-બ) ભાગીદારી પેઢી /LLP ને અન્ય મિલકત (શેર /M.F સિવાય ) ના વેચાણ ઉપર લોંગ ટર્મ કેપીટલ ગેઇન ટેક્ષના દર :-

| કરપાત્ર આવક | આવક વેરાનો દર | + ટેક્ષની રકમ ઉપર સરચાર્જ | = ટોટલ | + હેલ્થ + એજ્યુ. સે. | = કુલ દર |
|---|---|---|---|---|---|
| લોંગ ટર્મ એક કરોડ સુધી | ૨૦% | ૦% | ૨૦% | ૪% | ૨૦.૮૦% |
| લોંગ ટર્મ એક કરોડથી વધુ | ૨૦% | ૧૨% | ૨૨.૪૦% | ૪% | ૨૩.૨૯% |

નોંધ :-

(૧) અન્ય મિલકતનું વેચાણ ૨૪ મહિનાથી ઓછા સમયમાં કરવામાં આવે તો જે નફો થાય તે ચાલુ આવકમાં ગણાય તેના માટે જુદા ટેક્ષના દર નથી.

(૨) ભાગીદારી પેઢી/LLP ને કોઇ આવક બાદ મળતી નથી.

(૩) બાદ મળવાપત્ર ડિડક્શનના કારણે આવક ૨૦ લાખથી ઓછી થતી હોય તો બુક પ્રોફિટ ઉપર AMT (Alternate Minimum Tax) નિયમ પ્રમાણે લાગે

(૪) ભાગીદારોની મૂડીનું મળવાપાત્ર ૧૨% સુધીનું વ્યાજ અને ભાગીદારોને કલમ 40(b) ની જોગવાઇ મુજબ પગાર બાદ લેવા માટે ભાગીદારી દસ્તાવેજમાં તે અંગે લેખિત જોગવાઈ હોવી જરૂરી છે. જો આવી લેખીત જોગવાઈ ભાગીદારી દસ્તાવેજમાં હોય નહિ તો ભાગીદારોની મૂડી ઉપર નાંખેલ વ્યાજ કે ભાગીદારોને આપેલો પગાર બાદ મળે નહીં.

(૫) વર્કીંગ પાર્ટનરોનો પગાર નીચે મુજબ બાદ મળે છે.

| બુક પ્રોફીટની રકમ (નેટ નફો) | પગારની રકમ |
|---|---|
| (૧) રૂા. ૧,૫૦,૦૦૦/- સુધીના બુક પ્રોફીટ કે નુકશાન ઉપર... | રૂા. ૧,૫૦,૦૦૦/- સુધી |
| (૨) રૂા. ૧,૫૦,૦૦૦/- થી વધુ અને રૂા. ૩,૦૦,૦૦૦ સુધીનો પ્રોફીટ | આખી રકમના ૯૦% સુધી |
| (૩) રૂા. ૩,૦૦,૦૦૦/- ઉપરના પ્રોફીટમાંથી | બુક પ્રોફીટના ૬૦% સુધી |

## (૯) પ્રાઈવેટ કે પબ્લીક લીમીટેડ કંપની માટે ટેક્ષ ના દર :-

(૧) ડોમેસ્ટિક કંપનીનું F.Y. ૨૦૨૦-૨૧ માં કુલ ટર્નઓવર રૂા. ૪૦૦ કરોડથી ઓછું હોય તો **૨૫%** ઈન્કમટેક્ષ નો દર છે અને તે સિવાયની કંપનીઓ માટે **૩૦%** દર છે, ટેક્ષ ઉપર **૪%** હેલ્થ એજ્યુકેશન સેસ લાગશે અને સરચાર્જ નીચે પ્રમાણે લાગે.

| કંપનીની આવક | સરચાર્જનો દર |
|---|---|
| (૧) રૂા. ૧ કરોડ થી ૧૦ કરોડ સુધી | ૭% |
| (૨) રૂા. ૧૦ કરોડ કે તેથી વધુ | ૧૨% |

જો કોઈ ડીડકશનના કારણે કંપનીને નેટ આવક ઉપર ભરવાપાત્ર ઈન્કમટેક્ષ બુક પ્રોફીટના ૧૫% થી ઓછો થતો હોય તો કંપનીએ MAT ૧૫% ભરવો પડે અને ટેક્ષની રકમ ઉપર ૪% હેલ્થ એજ્યુકેશન સેસ લાગે.

(૨) કલમ 115BAA હેઠળ બાદ મળવાપાત્ર કપાત/કરમુકિતના લાભ ન લેતી ડોમેસ્ટિક કંપની ના કેસમાં આવકવેરા નો દર ૨૨% છે. અને સરચાર્જ નો દર ૧૦% છે તથા ટેક્ષ અને સરચાર્જની રકમ ઉપર એજ્યુકેશન સેસ ૪% લાગે, MAT લાગે નહીં.

(૩) કલમ 115BAB હેઠળ બાદ મળવાપાત્ર કપાત/કરમુકિતના લાભ ન લેતી નવી ડોમેસ્ટિક મેન્યુફેક્ચરિંગ કંપનીના કેસમાં આવકવેરા નો દર ૧૫% લાગે અને સરચાર્જ નો દર ૧૦% તથા ટેક્ષ અને સરચાર્જની રકમ ઉપર એજ્યુકેશન સેસ ૪% લાગે, પરંતુ MAT લાગે નહીં.

(૪) કંપનીના CSR હેઠળ જે રકમ વાપરવાની હોય તે કલમ 80G માન્યતા ધરાવતા ચેરીટેબલ ટ્રસ્ટને દાન આપવાથી નિયમ પ્રમાણે દાનની ૫૦% રકમ બાદ મલે.

(૫) લીમીટેડ કંપનીને ડીવીડન્ડ વહેંચવાથી ડીવીડન્ડ ડિસ્ટ્રીબ્યુશન ટેક્ષ (DDT) લાગતો હતો તે જોગવાઇ તારીખ : ૧/૪/૨૦૨૦ થી કાઢી નાખી છે. એટલે હવે કંપની તેના રિઝર્વમાંથી ડીવીડન્ડની વહેંચણી કરશે તેના ઉપર ટેક્ષ નહી લાગે. પરંતુ ડીવીડન્ડ મેળવનારને ડીવીડન્ડની આવક માફ નહીં મળે એટલે તેમણે અન્ય આવકની સાથે ડિવિડન્ડ આવકનો પણ ટેક્ષ ભરવો પડશે.

(૬) લીમીટેડ કંપની પોતાના શેર Buy Back કરે તો ટેક્ષ કંપનીએ ભરવો પડે અને શેર હોલ્ડરના કેસમાં કોઇ ટેક્ષ લાગે નહીં

## (૧૦) સને ૨૦૨૨-૨૩ અને સને ૨૦૨૩-૨૪ માટે TDS ના દર નીચે પ્રમાણે છે :-

| કલમ | ચુકવણીનો પ્રકાર તથા નિયત મર્યાદા | TDS ના દર |
|---|---|---|
| 192 | ટેક્ષેબલ પગારની ચુકવણી ઉપર | લાગુ પડતા દરે |
| 193 | સિકયુરિટી ઉપરનું વ્યાજ | ૧૦% |
| 194 | ડિવિડન્ડ રૂા. ૫૦૦૦/- થી વધુ ચુકવણી ઉપર | ૧૦% |
| 194A | (૧) ૧ કરોડથી વધુ ટર્નઓવર ધરાવતી માલિકી કે HUF પેઢી (ઓડીટ કરાવતી હોય કે ઓડીટ ના કરાવતી હોય) ડિપોઝિટરને રૂા. ૫૦૦૦/- થી વધુ રકમનું વ્યાજ ચુકવે તો TDS કરવી પડે. તેવી જ રીતે ભાગીદારી પેઢી રૂા. ૫૦૦૦/- થી વધુ રકમનું વ્યાજ ચૂકવે તો TDS કરવી પડે. | ૧૦% |
| | (૨) બેંક/કો.ઓપ.બેંક તથા પોસ્ટ ઓફિસ સિનીયર સીટીઝન ના હોય તેવા ડિપોઝિટરને વ્યાજની સેવિંગ ખાતા સિવાયની વાર્ષિક રૂા. ૪૦૦૦૦/- થી વધુ ચુકવણી કરે તેના ઉપર | ૧૦% |
| | (૩) સિનીયર સિટીઝનને બેંક/કો.ઓ.બેંક/પોસ્ટ ઓફિસ વ્યાજની વાર્ષિક રૂા. ૫૦,૦૦૦/- થી વધુ ચુકવણી ઉપર<br>નોંધ : જો ફોર્મ 15G અથવા 15H તારીખ : ૩૧/૦૩/૨૦૨૩ સુધી લીધા હોય તો TDS કરવી પડે નહીં અને તે તારીખ : ૩૦/૦૪/૨૦૨૩ સુધી ફાઈલ કરવા પડે. | ૧૦% |
| 194C | (૧) વ્યક્તિ કે HUF હોય તેવા કોન્ટ્રાકટર કે સબ કોન્ટ્રાકટર કે Advertising એજન્ટ કે ટ્રાન્સપોર્ટરને રૂા. ૩૦૦૦૦ /- કે વધુ પેમેન્ટ કરવામાં આવે તો (PAN હોય તો) | ૧% |
| | (૨) ભાગીદારી પેઢી કે કંપની ને ઉપર મુજબ પેમેન્ટ આપવામાં આવે તો | ૨% |
| | (૩) ૧૦ કે તેથી ઓછી ટ્રક ધરાવનાર ટ્રાન્સપોર્ટર ના કેસ માં જો PAN અને ડેકલેરેશન આપવામાં આવે તો<br>પણ જો PAN અને ડેકલેરેશન પુરું પાડવામાં ન આવે તો | ૦%<br>૨૦% |
| | (૪) ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટર (જેની પોતાની ટ્રક ના હોય) અંગત અને HUF ના કેસ માં PAN પુરો પાડવામાં આવે તો<br>અંગત અને HUF સિવાય ના કેસમાં PAN પૂરો પાડવામાં આવે તો | ૧%<br>૨% |
| | (૫) ઉપર મુજબનું પેમેન્ટ એક સાથે રૂા. ૩૦,૦૦૦/- થી ઓછું કરવામાં આવે અને આખા વર્ષ દરમિયાન પેમેન્ટ રૂા. ૧,૦૦,૦૦૦ થી ઓછું હોય તો<br>(૬) ઉપર મુજબનું પેમેન્ટ મેળવનારને જો PAN ના હોય તો | ૦%<br>૨૦% |
| 194H | કમીશન / દલાલી વાર્ષિક ૧૫૦૦૦/- થી વધુ ચુકવામાં આવે | ૫% |
| 194I | ૧) જમીન કે મકાનનું વાર્ષિક ભાડું રૂા. ૨,૪૦,૦૦૦/- થી વધુ આપવામાં આવે | ૧૦% |
| | ૨) મશીનરી પ્લાન્ટ ઇક્વીપમેન્ટનું વાર્ષિક ભાડું રૂા. ૨,૪૦,૦૦૦/-થી વધુ ની ચુકવણી ઉપર<br>૩) ઉપરોક્ત પેમેન્ટમાં જો PAN ન હોય તો | ૨%<br>૨૦% |
| 194IA | ખેતીની જમીન સિવાય અન્ય સ્થાવર મિલ્કત રૂા. ૫૦ લાખ થી વધુ ની ખરીદી કરનારે વેચાણ દસ્તાવેજની રકમ અથવા જંત્રીની રકમ જે વધારે હોય તેના ઉપર વેચાણ કરનારને ચુકવવાની રકમ ઉપર TDS કરવી પડે જે રકમ વેચાણ કિંમતમાંથી કાપીને ભરવાની છે. | ૧% |
| 194IB | ઓડિટ પાત્ર ન હોય તેવી વ્યક્તિ કે HUF જો રેસિડેન્ટ ને જમીન / મકાન / ફર્નિચર ફિટિંગ્સનું માસિક ભાડું ૫૦૦૦૦/- થી વધુ રકમનું ચૂકવે તો અને PAN હોય તો<br>જો PAN ના હોય તો | ૫%<br>૨૦% |
| 194IC | જોઈન્ટ ડેવલોપમેન્ટ એગ્રીમેન્ટના પેમેન્ટ ઉપર | ૧૦% |

| કલમ | ચુકવણીનો પ્રકાર તથા નિયત મર્યાદા | TDS ના દર |
|---|---|---|
| 194J | ૧) પ્રોફેશનલ કોલ સેન્ટર સિવાય ના પ્રોફેશનલ એટલે કે વકીલ, ડોકટર, આર્કિટેક્ટ વગેરેને રૂા. ૩૦,૦૦૦/- થી વધુ રકમની પ્રોફેશનલ ફી ઉપર | ૧૦% |
| | ૨) ટેકનિકલ સર્વિસીસ માટેની ફી ઉપર | ૨% |
| | ૩) કોલ સેન્ટર ને ૩૦,૦૦૦/- ઉપર ના પેમેન્ટ ઉપર<br>૪) ઉપરોક્ત પેમેન્ટ મેળવનાર ને PAN ના હોય તો | ૨%<br>૨૦% |
| 195 | નોન રેસિડેન્ટને આપવામાં આવતું વ્યાજ, ભાડું, પગાર વિગેરે ચુકવણી માટે | પેરા ૧૩ પ્રમાણે |
| 194D | વીમા કંપની તેના એજન્ટને રૂા. ૧૫૦૦૦/- થી વધુ કમિશન ચૂકવે તો | ૫% |
| 194DA | દસ વર્ષથી ઓછા સમયની વીમા પોલીસી ઉપર ભરેલા પ્રિમિયમની રકમ કરતા મળતી ૧ લાખ થી વધારાની રકમ ઉપર<br>(પણ વીમો મેળવનારને PAN ના હોય તો) | ૫%<br>૨૦% |
| 194N | (૧) નેશનલાઇઝડ બેંક, શીડ્યુલ બેંક કે કો. ઓપ. બેંક કે પોસ્ટ ઓફિસ જો વ્યક્તિ/HUF/પેઢી/કંપની વિગેરેને વર્ષ દરમિયાન એક કે વધુ ખાતા હોય તો બધા ખાતામાંથી મળી ને રૂા. ૧ કરોડ કે તેથી વધુ રોકડ રકમ આપે/ચૂકવે તો... | ૨% |
| | (૨) આવી રીતે બેંક માંથી રોકડ રકમ ઉપાડનારે અગાઉના ત્રણ વર્ષ માટે જો ઇન્કમટેક્સ રીટર્ન ન ભરેલા હોય તો રૂા. ૨૦ લાખથી ૧ કરોડ સુધીના ઉપાડ ઉપર<br>(૩) ૧ કરોડથી વધારે રોકડ રકમ ઉપાડ કરે તો | ૨%<br>૫% |
| | (૪) APMC ના લાઇસન્સ ધરાવતા વેપારી ખેડૂત પાસેથી ખરીદ કરેલા માલનું રોકડ પેમેન્ટ કરવા માટે બેંક માં જે ખાતાની જાણ કરી હોય તે ખાતામાંથી રૂા. ૧ કરોડથી વધુ ગમે તેટલી રોકડ રકમ ઉપાડ કરે તો નોટિફિકેશનથી આપેલી છુટછાટ પ્રમાણે TDS માફ છે. | શૂન્ય |
| 194M | ટેક્ષ ઓડિટ ને પાત્ર ના હોય તેવી વ્યક્તિ કે HUF કોઈપણ રહીશ ને વર્ષ દરમિયાન કોન્ટ્રાક્ટ હેઠળ કે પ્રોફેશનલ સેવા માટે કમિશન કે બ્રોકરેજની ૫૦ લાખથી વધુ ચુકવણી ઉપર PAN હોય તો<br>જો PAN ના હોય તો<br>નોંધ : (૧) આ જોગવાઇ કોઇપણ વેપાર ધંધાને લાગુ પડતી નથી.<br>(૨) આ જોગવાઇ અંગત / HUF પોતાના રહેવા માટે કે ભાડે આપવા માટે સ્થાવર મિલકત બનાવે તો લાગુ પડે છે. | ૫%<br>૨૦% |
| 194Q | પાછલા વર્ષમાં વાર્ષિક રૂા. ૧૦ કરોડ થી વધુ વકરો કરતા વેપારીની વર્ષ દરમિયાન એક જ વેચનાર પાસેથી ખરીદી રૂા. ૫૦ લાખથી વધુ થાય તો આવી વધારાની ખરીદીની રકમ ઉપર<br>(જો PAN ના હોય તો) | ૦.૧૦%<br>૫% |
| 194R | ૨૦૦૦૦/- થી વધુ મૂલ્યના ધંધા કે વ્યવસાય સાથે સંકળાયેલા લાભ કે સવલત રોકડમાં કે વસ્તુમાં પુરી પાડવામાં આવે તો<br>(જો PAN ના હોય તો) | ૧૦%<br>૨૦% |
| 194S | વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સ (ક્રિપ્ટો કરન્સી, બીટ કોઇન વિગેરે) માટે રેસિડેન્ટ ને ૧૦૦૦૦/- થી વધુ રકમની ચુકવણી ઉપર જો PAN હોય તો<br>(જો PAN ના હોય તો) | ૧%<br>૨૦% |

**નોંધ :** (૧) જેની કપાત કરવાની હોય તેણે અગાઉના ૧ વર્ષનું ઇ.ટેક્ષ રીટર્ન ફાઇલ ના કરેલ હોય તો TDS નિયત દરના બમણા દરે અથવા ૫% ના દરે તે બેમાંથી જે વધારે હોય તે દરે કરવી પડે પણ આ જોગવાઇ પગારની આવક તથા બેંકમાંથી રોકડ રકમની ચુકવણી ને લાગુ પડતી નથી.

(૨) જેને PAN હોય તેણે અગાઉના એક વર્ષના ઇન્કમટેક્ષ રીટર્ન ભરેલ છે કે નહીં તેની માહિતી ઇન્કમટેક્ષ ખાતાની વેબસાઇટ ઉપરથી મળશે.

## (૧૧) સને ૨૦૨૨-૨૩ અને સને ૨૦૨૩-૨૪ માટે TCS ના દર નીચે પ્રમાણે છે :-

| સેકશન | TCS ને પાત્ર માલ અને સેવાઓ | TCS ના દર |
|---|---|---|
| 206C(1) | (૧) જંગલ લીઝથી મેળવેલ લાકડું<br>(૨) ઉપર (૧) સિવાય અન્ય રીતે મેળવેલ લાકડું<br>(૩) લાકડું તથા ટેન્ડુલિવ્સ સિવાયની જંગલમાંથી મેળવેલી કોઇપણ વસ્તુ | ૨.૫૦%<br>૨.૫૦%<br>૨.૫૦% |
| 206C(1) | (૧) ટેન્ડુલિવ્સ | ૫% |
| 206C(1) | (૧) મિનરલ્સ, કોલ અથવા લીગ્નાઇટ અથવા આયર્ન ઓર | ૧% |
| 206C(1) | (૧) ભંગાર દરેક પ્રકારનો | ૧% |
| 206C(1) | નીચેની બાબતના લાઇસન્સ/લીઝ વગેરે<br>(૧) પાર્કિંગ પ્લોટ (૨) ટોલ પ્લાઝા<br>(૩) ખાણ અને ખનન (માઇનિંગ) તથા ક્વોરિંગ | ૨% |
| 206C(1F) | રૂા. ૧૦ લાખથી વધુ કિંમતનું મોટરકારનું વેચાણ | ૧% |
| 206C(1H) | પાછલા વર્ષનું રૂા. ૧૦ કરોડથી વધુ ટર્નઓવર હોય તેવા વેપારી વર્ષ દરમિયાન કોઇને રૂા. ૫૦ લાખથી વધુ રકમનું વેચાણ કરે તો આવા ખરીદનાર પાસેથી વસુલ કરવાની TCS<br>નોંધ : (૧) આ વ્યવહારો ઉપર TDS થઇ હોય તો TCS કરવાની રહેતી નથી.<br>(૨) ઇમ્પોર્ટ - એક્સપોર્ટના વ્યવહારોને આમાંથી બાકાત રાખવામાં આવેલા છે.<br>(૩) ૧૦ કરોડનું ટર્નઓવર ગણવામાં GST સાથેની રકમ ગણાશે.<br>(૪) દર વર્ષે રૂા. ૫૦ લાખની રકમ વેપારી દીઠ બાદ મળશે. | ૦.૧૦% |

**નોંધ :** (૧) જેની TCS કરવાની હોય તેણે નિયત જોગવાઇઓને આધીન આવકવેરા રીટર્ન ફાઇલ ના કરેલ હોય તેના કેસમાં TCS નિયત દરના બમણા દરે અથવા ૫% ના દરે જે વધારે દર હોય તે દરે કરવાની રહે છે

## (૧૨) TDS / TCS ને લગતી અગત્યની જોગવાઇ :-

(૧) TDS / TCS ની રકમ જે મહીનામાં આવક ચૂકવી હોય તેના પછીનાં મહીનાની ૭ તારીખ સુધીમાં સમયસર ભરવામાં ના આવે તો ૧૮% વ્યાજ સાથે ભરવી પડે.

(૨) TDS તથા TCS ના સ્ટેટમેન્ટ સમયસર ફાઇલ કરવામાં ના આવે તો રોજના રૂા. ૨૦૦/- પ્રમાણે લેટ ફી ભરવી પડે. આ લેટ ફી ની રકમ કપાત ની રકમથી વધશે નહિ.

(૩) લેટ ફી ભરવા ઉપરાંત દંડ પણ થઇ શકે એટલે કે TDS / TCS ના સ્ટેટમેન્ટ 24Q, 26Q, 27EQ વગેરે સમયસર ભરવા ખુબ જરૂરી છે.

(૪) TDS ના કાપવા માટે કે TCS ના ઉઘરાવવા માટે લાંબો સમય પસાર થઇ ગયો હોય તો ભરવાના વ્યાજ અને પેનલ્ટીનો ઓર્ડર TDS ઓફિસ કરશે તે પ્રમાણે વ્યાજ અ ને દંડ ભરવા પડશે.

## (૧૩) નોન રેસીડેન્ટ :-

(૧) કોઈપણ વ્યક્તિ, પેઢી, AOP, કંપની, LLP કે HUF નોન રેસીડેન્ટ (વ્યક્તિ/HUF/પેઢી/ કંપની) ને વ્યાજ, કમિશન, પગાર, ભાડું વિગેરે ચૂકવે કે ખાતામાં જમા કરે તો TDS કરવી પડે.

(૨) નોન રેસીડેન્ટને નાની કે મોટી ગમે તે રકમની આવક ચુકવવામાં આવે કે તેના ખાતે જમા કરવામાં આવે તો TDS લાગુ પડે દા.ત. વ્યાજ રૂા. ૫૦૦/- ચુકવવામાં આવે તો પણ TDS કરવી પડે એટલે કે TDS માટે કોઈ માફી રકમ નથી.

(૩) નોન રેસીડેન્ટના કેસમાં TDS થઈ હોય તો તેનું રીફંડ લેવા માટે નોન રેસિડેન્ટને આવક ટેક્ષેબલ હોય તો ભરવાપાત્ર ટેક્ષ સામે આવી TDS ની રકમ બાદ મળે અને બાકીની વધારાની રકમ ભરવી પડે અથવા વધુ કપાયેલ TDS ની રકમનું રીફંડ મળે. જો આવક ટેક્ષેબલ ના હોય તો બધી રકમનું રીફંડ મળે. આ માટે ઈન્કમટેક્ષનું રીટર્ન ભરવું પડે.

(૪) નોન રેસિડેન્ટને ચુકવવાની આવકમાંથી કરવાની TDS ના દર નીચે પ્રમાણે છે :

(૧) USA / UK / CANADA / AUSTRALIA માં રહેતા હોય તેવા નોન રેસીડેન્ટ જો તે દેશનું ટેક્ષ રેસીડેન્સી સર્ટિફિકેટ (TRC) આપે તો ૧૫.૬૦% લેખે નહીંતર ૩૧.૨૦% લેખે

(૨) ઉપરના દેશો સિવાય અન્ય દેશોમાં રહેતા હોય તેવા NON-RESIDENT માટે ૩૧.૨૦% લેખે.

(૩) નોન રેસીડેન્ટ TDS માફી માટે 15G / 15H આપી શકતા નથી એટલે ગમે તેટલી રકમ હોય તો પણ ઉપર મુજબ TDS કરવી પડે.

## (૧૪) કલમ 44AB હેઠળ ઓડિટની જોગવાઈ :

(૧) જૂની જોગવાઇ પ્રમાણે જો પેઢીનું ટર્નઓવર રૂા. ૧ કરોડ થી વધુ હોય તો ટેક્ષ ઓડિટ કરાવવું જરૂરી હતું તેમાં ફેરફાર કરીને સને ૨૦૨૦-૨૧ થી નીચેની શરતોને આધીન ૧૦ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતી પેઢીઓને ટેક્ષ ઓડીટમાંથી મુક્તિ આપેલ છે.

(૧અ) જો આવી પેઢીનું નાણાંકીય વર્ષ દરમ્યાન **રોકડ વેચાણ તથા રીસીપ્ટ** તેના રીસીપ્ટના /ટર્નઓવરના ૫% થી વધુ ના હોય અને

(૧બ) જો આવી પેઢીનું નાણાંકીય વર્ષ દરમ્યાન કુલ ખરીદી તથા ખર્ચાનું તથા અન્ય રોકડ પેમેન્ટ કુલ પેમેન્ટના (ટર્નઓવરના) ૫% થી વધુ ના હોય તો

નોંધ : રોકડ RECEIPT અને રોકડ ચૂકવણીમાં બેન્કમાંથી ઉપાડેલ રોકડ રકમ તથા બેંકમાં ભરેલ રોકડ રકમ સિવાયની બધી રોકડ લેતી-દેતી નો સમાવેશ થાય છે દા.ત. માલિક કે ભાગીદારોના ખાતામાં થયેલા રોકડ વ્યવહારો તથા મજૂરી, દુકાન ખર્ચ, ખરાજાત વિગેરે અંગેના ખર્ચા.

## (૧૫) કલમ 44AD હેઠળ ૬% કે ૮% લેખે અંદાજીત આવક અને કલમ 44AD હેઠળ ફરજીયાત ઓડિટ :-

જે વેપારીઓને વેચાણનું પેમેન્ટ એકાઉન્ટ પેયી ચેક કે એકાઉન્ટ પેયી ડ્રાફ્ટ કે ECS થી મળેલું હોય અને નેટ નફો ૬% થી ઓછો હોય પરંતુ ટર્નઓવરના ૬% પ્રમાણેની આવક ગણી રિટર્ન ભરવું હોય અથવા આવા વેપારીઓનું વેચાણ રોકડેથી/ક્રોસ ચેકથી કરેલું હોય અને નેટ નફો ૮% થી ઓછો હોય પરંતુ ટર્ન ઓવરના ૮% પ્રમાણેની આવક ગણી રિટર્ન ભરવું હોય તેમના માટે નીચે પ્રમાણે જોગવાઇ છે :-

(૧) કલમ 44AD હેઠળ ૨ કરોડ સુધીનું ટર્નઓવર હોય અને ૬% કે ૮% પ્રમાણે અંદાજીત આવક ઉપર ટેક્ષ ભરવામાં આવે તો ઓડીટ કરાવવું ફરજીયાત નથી.

(૨) ગઇ સાલ જે વેપારીઓએ આ યોજનાનો લાભ લઇ ઇન્કમટેક્ષ રિટર્ન અંદાજીત આવક ગણી ભરેલ હોય તેમણે આ જોગવાઇ મુજબ ૫ વર્ષ સુધી આ પ્રમાણે રીટર્ન ભરવું પડે.

(૩) જો આ પ્રમાણે આ યોજના હેઠળ ૫ વર્ષ સુધી રિટર્ન ના ભરવું હોય તો ચોપડા કલમ 44AD મુજબ ઓડીટ કરાવી ઓડીટ રીપોર્ટ અને રીટર્ન ફાઇલ કરવા પડે.

(૪) ભાગીદારી પેઢીના કેસમાં ભાગીદારોને આપવામાં આવતું વ્યાજ, પગારની રકમ તથા ઘસારો વિગરે ખર્ચા ૬% કે ૮% ની અંદાજીત આવક જે ગણવાની છે તેમાંથી બાદ મળે નહિ તેથી આવી ભાગીદારી પેઢીઓએ કલમ 44AD હેઠળ ઓડીટ કરાવીને ચોપડાની આવક પ્રમાણે રીટર્ન ભરવું સલાહ ભર્યું છે.

(૫) જે ભાગીદારી પેઢીએ ભાગીદારોને આપેલ વ્યાજ, પગાર, ઘસારો અને ધંધાના ખર્ચા બાદ લેવા ન હોય તે

ભાગીદારી પેઢી આ યોજના હેઠળ ૬% કે ૮% પ્રમાણે લાગુ પડતા દરે આવક બતાવી રીટર્ન ભરી શકે અને તેમને કલમ 44AD હેઠળ ઓડીટ કરાવવું ફરજીયાત નથી.

(૬) જે વેપારી આ અંદાજીત આવક યોજનાનો લાભ જે વર્ષ માટે લ્યે તે પછીના પાંચ વર્ષ સુધી તેમણે આ યોજના હેઠળ અંદાજીત આવક દર્શાવી રીટર્ન ભરવા પડે નહીંતર ઓડીટ કરાવવું પડે અને જો ઓડીટ કરાવીને રીટર્ન ભરે તો પાંચ વર્ષ સુધી કલમ 44AD હેઠળ ઓડીટ કરાવીને રીટર્ન ભરવું પડે.

(૭) જે વેપારીઓને ધંધામાં નુકશાન હોય અને આવું નુકશાન આગળ ખેંચવું હોય તેમણે ઓડીટ કરાવી સમય મર્યાદામાં રીટર્ન ભરવું જોઈએ. તો જ નુકશાન પછીના વર્ષમાં આગળ ખેંચી શકાય.

## (૧૬) પ્રોફેશનલ વ્યક્તિ માટે કલમ 44ADA હેઠળ ૫૦% લેખે અંદાજીત આવક અથવા ફરજીયાત ઓડિટ :-

(૧) ડૉક્ટર કે વકીલો કે આર્કિટેકટ કે એન્જિનિયરો કે ટેકનીશીયનો વિગેરેની વાર્ષિક પ્રોફેશનલ ગ્રોસ RECEIPT રૂા. ૫૦ લાખથી વધારે ના હોય તો તેઓ કલમ 44ADA હેઠળ અંદાજીત આવક યોજના હેઠળ ગ્રોસ RECEIPT ના ૫૦% પ્રમાણે આવક અંદાજી આ યોજનાનો લાભ લઈ શકશે. પરંતુ આ રીતે ૫૦% પ્રમાણે અંદાજીત જે આવક નક્કી થાય તેમાંથી કોઇ રકમના ખર્ચા કે કોઇ ઘસારાની રકમ કે વ્યાજની રકમ બાદ મળશે નહી અને જો આ રીતે અંદાજિત ૫૦% RECEIPT નો ટેક્ષ ના ભરવો હોય અને હિસાબી ચોપડા પ્રમાણેની આવક ઉપર ટેક્ષ ભરવો હોય તો હિસાબો ઓડિટ કરાવી કલમ 44ADA હેઠળ ઓડિટ રિપોર્ટ સાથે રીટર્ન ભરવું પડે.

## (૧૭) વર્ષ આખરે ક્લોઝિંગ સ્ટોક - માલ બેલેન્સ - વેલ્યૂએશન માટેની જોગવાઇ :-

(૧) ઈન્કમટેક્ષ કાયદાની જોગવાઇ પ્રમાણે વર્ષ આખરે જે કલોઝિંગ સ્ટોક રહેતો હોય તેનું વેલ્યૂએશન નીચે પ્રમાણે કરવું પડે :-

માલની ખરીદકિંમત અથવા માલનું વેચાણ કરવાથી જે રકમ ઉપજી શકે તેમ હોય તે બેમાંથી જે રકમ ઓછી હોય તે કલોઝિંગ સ્ટોકમાં મુકવી પડે

નોંધ : માલની પડતર કિંમત માં GST + ટ્રાન્સપોર્ટેશન + મજૂરી નો સમાવેશ થાય.

(૨) માલ સ્ટોક ઉપર વ્યાજની રકમ ગણાત્રી કરીને સ્ટોક માં ઉમેરી શકાય નહિ તેવી જ રીતે ગોડાઉન ભાડું કે બીજા ખર્ચા વેલ્યૂએશનમાં ઉમેરી શકાય નહિ.

(૩) કલોઝિંગ સ્ટોક નું વેલ્યૂએશન ઉપર પ્રમાણે કરેલું ના હોય અને સ્ટોક વધારે કે ઓછો મુકેલો હોય તો ઈન્કમટેક્ષ ખાતું સ્ટોક નું વેલ્યૂએશન ઉપર પ્રમાણે ગણી ને જે તફાવત આવે તે પ્રમાણે આવકમાં વધઘટ કરી શકે અને આ રીતે કલોઝિંગ સ્ટોક ના વેલ્યૂએશન માં જે તફાવત પડે તેના ઉપર પેનલ્ટી પણ થાય.

(૪) કોન્ટ્રાકટર ના કેસમાં ઉપરની જોગવાઇ ધ્યાનમાં લઇ સ્ટોક મુકવો પડે એટલે :-

(૧) માલ સામાન અને મટીરીયલ્સના સ્ટોકની ગણાત્રી કરી પડતર કિંમતે કલોઝિંગ સ્ટોક બતાવવો પડે.

(૨) વર્ક ઇન પ્રોગ્રેસની ગણાત્રી કરી તેની પડતર કિંમત બતાવવી પડે.

(૩) ૩૧ માર્ચ સુધી જે કામ થઇ ગયું હોય અને RA BILL બની ગયા હોય અને આવવાનું બાકી હોય કે RA બીલ બનાવવાનું બાકી હોય તે સ્ટોકમાં કે WIP માં ગણવું પડે.

(૪) માલ સામાન કે મજૂરીનું એડવાન્સ પેમેન્ટ કરેલું હોય તે રકમ નફા-નુકશાનમાં માંડી વળાય નહીં પરંતુ આગળ ખેંચવી પડે.

(૫) તેવી જ રીતે એડવાન્સ બીલની રકમ જે મળી હોય તે આવક નહીં ગણતા આગળ ખેંચવી પડે અને કામ થાય તેના પ્રમાણસર બીલની આવક તરીકે જમા લેવી જોઇએ.

(૬) તેવી જ રીતે કોન્ટ્રાકટર ના બીલોમાં રિટેન્શન મની જે રાખેલા હોય તે RECEIPT માં બતાવવા પડે.

(૭) કામ એક વર્ષથી વધુ વર્ષ માટે ચાલુ રહે તો તા. ૩૧/૩/૨૦૨૩ સુધી થયેલા કામનું નફો નુકશાન બતાવવું પડે કારણ પ્રોજેકટ પૂરો થયેથી નફો-નુકશાન બતાવવાની પધ્ધતિ બંધ થઇ છે.

(૫) બિલ્ડરોના કેસમાં પ્રોજેક્ટ નો નફો પ્રોજેકટ પૂરો થાય ત્યારે ગણવો પડે એટલે જરૂર મુજબ બિલ્ડર ભાઇઓએ રૂબરૂ મળી સમજી લેવું.

(૬) ઉત્પાદકોના કેસમાં પણ ફીનિસ્ડ પ્રોડકટ, રો મટીરીયલ્સ-સેમી ફીનિસ્ડ ગુડસ-કન્ઝયુમેબલ સ્ટોર્સ વિગેરેનો

સ્ટોક ઉપર લખ્યા પ્રમાણે ગણત્રીમાં લેવો જોઈએ.

## (૧૮) PAN (પરમેનન્ટ એકાઉન્ટ નંબર) તથા આધાર કાર્ડની અગત્યતા :

(૧) વેપાર, ધંધો કે નોકરી કરતા હોય કે બેંક ખાતું ખોલાવવું હોય કે સ્થાવર મિલકત ખરીદવી હોય કે વેચવી હોય કે ઈન્કમટેક્ષ ભરવો હોય કે ફોટો આઈડિન્ટીટી પ્રુફ આપવું હોય તો PAN **અને આધાર કાર્ડ નંબર વગર ચાલે તેમ નથી એટલે PAN અને આધાર નંબર હોવો જરૂરી અને ફરજીયાત છે.**

(૨) PAN ખોટો લખવામાં આવે તો રૂા. ૧૦,૦૦૦/- નો દંડ થાય તેવી જોગવાઈ છે. માટે PAN સાચો લખવાની કાળજી લેવી તે માટે PAN નો સિક્કો બનાવી જરૂર હોય ત્યાં લગાવવો સલાહ ભર્યું છે.

(૩) જેમને પોતાને મળતી આવકમાંથી TDS થવાની હોય તેમણે આવી રકમનું પેમેન્ટ કરનારને PAN ની કોપી આપવી જરૂરી છે જેથી PAN લખવામાં ભૂલ પડે નહિ અને TDS ની ક્રેડિટ 26AS માં આવે તો જ મળે.

(૪) પેમેન્ટ આપનાર તથા પેમેન્ટ લેનાર બંને એ એકબીજાને મોકલવામાં આવતાં બીલ કે ઈન્વોઈસ કે ખાતાના ઉતારા કે પત્ર વ્યવહાર કે દસ્તાવેજો વિગેરેમાં પોતાનો PAN લખવો જરૂરી છે.

(૫) ટ્રાન્સપોર્ટનો ધંધો કરનારે ટ્રાન્સપોર્ટ રસીદમાં PAN છપાવવો જરૂરી છે.

(૬) PAN તથા આધારકાર્ડ, ઈ.ટેક્ષ પોર્ટલ ઉપર લીંક કરવા ફરજીયાત છે. નહીંતર ઈ-ટેક્ષ રીટર્નનું ઈ-વેરીફીકેશન થઈ નહી શકે. તેવી જ રીતે બેંક એકાઉન્ટ સાથે PAN લીંક હશે તો જ ઈ.ટેક્ષ નું રીફંડ ખાતામાં જમા થશે. **જે કો-ઓપ. બેંકને પોતાનો IFSC કોડ નથી તે બેંકના ખાતામાં ડાયરેકટ રીફંડ જમા થતુ નથી.**

(૭) PAN કાર્ડમાં નામ હોય તે પ્રમાણે બેંક એકાઉન્ટમાં નામ હોવું જરૂરી છે નહીંતર ઈ.ટેક્ષનું રીફંડ બેંક એકાઉન્ટમાં જમા નહી થાય.

(૮) PAN મેળવનારની જવાબદારી :-

(૧) જે વેપારીએ સામેની વ્યકિત પાસેથી PAN મેળવેલ હોય તે સાચો છે કે કેમ તે પુરવાર કરવાની જવાબદારી તેમના ઉપર નાંખેલ છે એટલે PAN ની ઝેરોક્ષ કોપી PAN આપનારની સહી કરાવી ને લેવી સલાહભર્યું છે.

## (૧૮અ) PAN આધારકાર્ડની ભાઈબંધી :-

(૧) ઈન્કમટેક્ષ કાયદાની જોગવાઈ પ્રમાણે અંગત તથા HUF ના PAN અને આધાર લીંક કરવા જરૂરી છે નહીંતર IT રીટર્ન ભરી નહીં શકાય. ફોર્મ 26AS માં પુરી વિગત નહીં આવે - ઈન્કમટેક્ષ રીફંડ નહીં આવે - અને આ બધા ઉપરાંત PAN અને આધાર કાર્ડને લીંક ના કરવા માટે પેનલ્ટી થશે.

(૨) તા. ૩૧/૩/૨૦૨૩ સુધીમાં PAN તથા આધાર કાર્ડ લીંક નહીં કરેલ હોય તેવા PAN (સુપર સીનીયર સીટીજન તથા NRI સિવાય) પછી Inoperative થઈ જશે. એટલે કે બંધ થઈ જશે.

## (૧૯) પેનલ્ટી માટેની જોગવાઈ :

### (૧) આવક ઓછી બતાવવા બદલ ૫૦% દંડ

નીચેના સંજોગોમાં આવક ઓછી બતાવેલી ગણાશે :-

(૧) એસેસમેન્ટ ઓર્ડર પ્રમાણેની આવક રીટર્નમાં બતાવેલી આવક કરતા વધુ હોય તો જેટલી આવક વધારે હોય તે રકમ ઓછી આવક બતાવી છે તેમ ગણાશે.

(૨) રીટર્ન ભરેલું ના હોય અને એકતરફી એસેસમેન્ટ ઓર્ડર પ્રમાણે કર મુક્તિ મર્યાદા બાદ કર્યા પછી જે વધારે આવક હોય તે રકમ ઓછી આવક બતાવી છે તેમ ગણાશે.

(૩) રી-એસેસમેન્ટના કેસમાં ઓરીજનલ એસેસમેન્ટ કરતાં આવકની વધારેલી રકમ ઓછી આવક બતાવી છે તેમ ગણાશે.

(૪) એસેસમેન્ટ ઓર્ડર પ્રમાણે MAT / AMT ની આવક કલમ ૧૪૩ (1A) ની ઈન્ટિમેશનથી વધુ હોય તો

(૫) એસેસમેન્ટ કે રી-એસેસમેન્ટના કારણે નુકશાનની રકમ ઓછી થાય તો આવી ઓછી થયેલી નુકશાનની રકમ-આવક ઓછી બતાવી તેમ ગણાશે.

(૬) અગાઉના વર્ષોમાં ઈન્કમટેક્ષ ઉપરની CESS ની રકમ આવકમાં બાદ માંગી હોય તો તા. ૩૧/૦૩/૨૦૨૩ સુધીમાં જરૂરી ફોર્મ ભરીને ચલણની માંગણી કરવામાં ના આવે તો

### (૨) આવક ખોટી બતાવવા બદલ ૨૦૦% દંડ

નીચેના સંજોગોમાં આવક ખોટી બતાવી છે તેમ ગણાશે :-

(૧) હકીકત છુપાવવામાં આવી હોય કે ખોટી રજુઆત કરવામાં આવી હોય તો.

(૨) હિસાબી ચોપડામાં રોકાણ કે અન્ય વિગત નોંધેલી ના હોય.

(૩) ખર્ચ માટે કોઈ પુરાવા રજુ કરેલ ના હોય.

(૪) હિસાબી ચોપડામાં ખોટી એન્ટ્રી નાંખી હોય.

(૫) આવકની ગણાત્રી માટેની કોઈ રકમ હિસાબી ચોપડામાં નોંધી ના હોય.

(૬) ઈન્ટેરનશનલ ટ્રાન્ઝેકશન કે ડોમેસ્ટિક ટ્રાન્ઝેકશનના ઓડિટ રિપોર્ટ ના કરાવ્યા હોય

**(૩) હિસાબી ચોપડામાં ખોટી એન્ટ્રી કરવા માટે કે કોઈ એન્ટ્રી ના કરવા માટે કડક દંડની જોગવાઈ :-**

(૧) હિસાબી ચોપડામાં FALSE ENTRY એટલે કે ખોટી એન્ટ્રી કરવા માટે કે કોઈ એન્ટ્રી ના કરવા માટે એન્ટ્રીની રકમ જેટલો એટલે કે ૧૦૦% દંડ કરવાની જોગવાઈ દાખલ કરી છે. દા.ત. ચોપડામાં પાંચ લાખની કોઈ એન્ટ્રી લખવાની રહી ગઈ હોય તો દંડ પાંચ લાખ થાય.

(૨) ઉપર પ્રમાણે ખોટી એન્ટ્રી કરનાર તથા આવી ખોટી એન્ટ્રી કરાવવા જવાબદાર શખ્સ બંને ઉપર દંડ થશે.

(૩) FALSE ENTRY માં બનાવટી કે ખોટા દસ્તાવેજો એટલે કે માલ કે સર્વિસના ખોટા બીલો કે જે શખ્સનું અસ્તિત્વ ના હોય તેવા નામે ટેક્ષ બચાવવા લીધેલા ખોટા બીલો, ખોટા E-WAY બીલો કે એન્ટ્રી લીધી હોય વિગેરેનો સમાવેશ થાય છે.

(૪) GST ખાતું કે અન્ય સરકારી ખાતું ખોટા વ્યવહારોની જાણ નિયમીત રીતે ઈન્કમટેક્ષ ખાતાને કરતા હોય છે તેવી જ રીતે ઈન્કમટેક્ષ ખાતું નિયમીત રીતે GST ખાતાને જાણ કરતું હોય છે.

(૫) આ જોગવાઈ દરેકને લાગુ પડે છે. તેથી ખુબજ સાવચેતી રાખી હિસાબોમાં ઉપર પ્રમાણેની કોઈ ભૂલ થાય નહીં તે માટે વિશેષ કાળજી લેવી જરૂરી છે.

**(૨૦) ઈન્કમટેક્ષ કાયદાની કેટલીક અગત્યની જોગવાઈઓ :**

(૧) ધંધા અંગેની ખરીદી કે ખર્ચ રોકડેથી કરવાની મર્યાદા રૂા. ૧૦,૦૦૦/- છે તેનાથી વધુ રકમનું ખર્ચ જો રોકડેથી કરેલ હોય તો આવુ ખર્ચ બાદ મળશે નહીં.

(૨) જે મિલકતનો ઘસારો લેવાનો હોય તેની ખરીદી કે ખર્ચ રોકડેથી કરવાની **મર્યાદા ૧૦,૦૦૦/- છે તેથી વધુ રકમની ખરીદી હોય તો એકાઉન્ટ પે ચેકથી કરવી જોઈએ** નહીંતર તેનો ઘસારો બાદ મળે નહીં.

(૩) બિલ્ડર અને રીઅલ એસ્ટેટનો ધંધો કરનાર ના કેસમાં પુરી થયેલી સ્કીમનું BU જે નાણાંકીય વર્ષમાં મળેલું હોય તે પછીના ત્રીજા નાણાંકીય વર્ષમાં વેચાયા વગરના કે ભાડે આપ્યા વગરના ફ્લેટ, બંગલા, દુકાનો, ઓફિસો, વિગેરે જે ક્લોઝીંગ સ્ટોકમાં રહેલા હોય તે જો ભાડે આપેલા હોત તો જે ભાડું મળત તે ભાડાની રકમ અંદાજી ને તે રકમ ને ભાડાની આવક તરીકે ઈન્કમટેક્ષ રિટર્નમાં બતાવવી પડે અને તેના ઉપર ઈ-ટેક્ષ ભરવો પડે, તેવી જ રીતે અંગત કે HUF કે પેઢી કે કંપની પાસે કોઈ ગોડાઉન-ઓફીસ-દુકાન ધંધામાં વાપર્યા વગરના હોય અને ભાડે આપેલ ન હોય તો પણ તેનું એન્યુઅલ વેલ્યુ આવકમાં બતાવવું પડે.

**(૪) રૂા. ૨,૦૦,૦૦૦/- ઉપરના રોકડના વ્યવહાર માટેની જોગવાઈ (દરેક કરદાતાને લાગુ પડે છે)**

(૧) એક દિવસમાં કોઈ વ્યક્તિ/HUF/AOP/FIRM/Company / LLP રૂા. ૨ લાખ કે તેથી વધુ રકમ કોઈપણ વ્યક્તિ પાસેથી એક સાથે કે ટુકડે - ટુકડે લઈ શકશે નહીં. માલ વેચાણનું પેમેન્ટ કે સર્વિસનું પેમેન્ટ લઈ શકાય નહીં દા.ત. હોસ્પિટલનું બીલ કે માલ વેચાણનું બીલ.

(૨) એક જ વ્યવહાર માટે રૂા. ૨ લાખ કે વધુની રોકડ રકમ લઈ શકાશે નહીં.

(૩) કોઈ ભાગીદારે પેઢીમાં આખા વર્ષમાં રૂા. ૨ લાખ કરતા વધારે રોકડ ઉપાડવાનો કે જમા કરાવવાનો વ્યવહાર કરાય નહીં.

(૪) કોઈ એક ઈવેન્ટ કે પ્રસંગ માટે કોઈ પણ પાસેથી રૂા. ૨ લાખ કે વધુની રોકડ રકમ લઈ કે આપી શકાય નહીં

(૫) ઉપરની જોગવાઈનો ભંગ કરીને રૂા. ૨ લાખ કે તેથી વધુ રોકડ રકમનો વ્યવહાર કરવામાં આવે તો જેટલી રકમ લીધી હોય તેટલો દંડ આવી રકમ લેનાર ઉપર લાગે.

(૫) લોંગ ટર્મ કેપીટલ ગેઈન ગણવા માટે શેરો સિવાયની મિલ્કતનું ખરીદ તારીખથી ૨૪ માસ પછી વેચાણ થવું જોઈએ અને શેરોના કેસમાં સમય મર્યાદા ૧૨ મહીનાની છે.

(૬) તારીખ : ૧/૪/૨૦૦૧ પહેલાની ખરીદેલી મિલકત માટે આવી મિલકતની તારીખ : ૧/૪/૨૦૦૧ ની જંત્રી કિંમત કોસ્ટ તરીકે ગણીને તેની ઈન્ડેક્ષ કોસ્ટ બાદ મળશે.

(૭) મકાન મિલ્કતની આવક હેઠળ બે લાખથી વધુ રકમનું નુકશાન અન્ય આવક સામે બાદ મળશે નહીં

(૮) જમીન, મકાન કે અન્ય મિલકતના વેચાણથી થતાં લોંગ ટર્મ કેપીટલ ગેઈનની રકમનું રોકાણ વેચાણ તારીખથી ૬ માસમાં કેપીટલ ગેઈન સ્કીમના બોન્ડમાં પાંચ વર્ષ માટે કરવામાં આવે તો કોઈ કેપીટલ ગેઈન ટેક્ષ ભરવો ના પડે. આવા કેસમાં અમને રૂબરૂ પૂછવું.

(૯) **૨૦,૦૦૦/- ઉપરની લોન - ડિપોઝીટ અંગેની અગત્યની જોગવાઈ :-**

(૧) ચોપડામાં કોઈની **રૂા. ૨૦,૦૦૦/-** ઉપરની લોન કે ડિપોઝીટ જમા કરવી હોય તો તે એકાઉન્ટ પેયી ચેક કે ડ્રાફટથી કે ECS થી જ જમા લઇ શકાય તેવી જ રીતે **રૂા. ૨૦૦૦૦/-** ઉપરની લોન કે ડિપોઝીટનું પેમેન્ટ કરવાનું હોય તો તે પણ એકાઉન્ટ પેયી ચેક કે ડ્રાફટથી કે ECS થી તે ડિપોઝીટરોને જ કરવું પડે જો આવી લોન કે ડિપોઝીટ રોકડેથી લેવામાં આવે કે ચુકવવામાં આવે તો તેટલી રકમનો દંડ થાય.

(૨) કોઈના ખાતામાં એકવાર **રૂા. ૨૦,૦૦૦/-** જમા થયેલા હોય તે પછી તે ખાતામાં એક રૂપિયો જમા કરવો હોય કે ચૂકવવો હોય તો પણ એકાઉન્ટ પેયી ચેકથી વ્યવહાર કરવો પડે.

(૧૦)કોઈપણ મિલકત ખરીદીનું પેમેન્ટ ૨૦,૦૦૦/- ઉપર આપવાનું હોય કે મિલકત વેચાણનું પેમેન્ટ **રૂા. ૨૦,૦૦૦/-** ઉપર લેવાનું હોય તો તે પણ એકાઉન્ટ પેયી ચેકથી કરવું ફરજીયાત છે. નહીંતર જો રોકડેથી પેમેન્ટ કરવામાં આવે તો વેચનાર તથા ખરીદનાર બંને એ રોડકેથી કરેલ વ્યવહાર જેટલી પેનલ્ટી ભરવી પડે.

(૧૧)જંત્રી કીંમત કરતા ઓછી કિંમતે જો જમીન કે મકાનનો દસ્તાવેજ કરેલ હશે તો વેચનારે તથા લેનારે બંનેએ આ રીતે થતા તફાવતની રકમ ઉપર ઈન્ટકમ ટેક્ષ ભરવો પડે. અપવાદરૂપે જંત્રી કિંમતના ૧૦% સુધીના તફાવતને ગણાત્રીમાં લેવામાં આવશે નહીં.

(૧૨)પગારની આવક હોય તેના કેસમાં નિયત મર્યાદા કરતાં વધુ PF ની રકમ જમા કરાવે તો આવી વધારે જમા કરાવેલી રકમ ઉપરનું વ્યાજ દર વર્ષે પગારની આવક મેળવનારની આવકમાં ઉમેરવું પડે.

(૧૩) તા. ૧/૨/૨૦૨૧થી રૂા. ૨,૫૦,૦૦૦ /- થી વધુ પ્રિમીયમ વાળી ULIP પોલીસીની પાકતી રકમ ઉપર કેપીટલ ગેઈન ટેક્ષ લાગશે.

(૧૪)ઈન્વેસ્ટમેન્ટ (રોકાણ) માંથી જે આવક મળે તે ટેક્ષ ફ્રી હોય તો તેના અંગે થયેલો ખર્ચ બાદ મળશે નહીં અને આ ઈન્વેસ્ટમેન્ટની રકમ જેમાં કરેલી હોય તેમાંથી વર્ષ દરમિયાન કોઇ આવક ના હોય તો પણ આવા રોકાણ અંગેનો ખર્ચ બાદ મળશે નહીં. એટલે કે ઈ.ટેક્ષ રીટર્ન ભરતી વખતે આવો ખર્ચ આવકમાં ઉમેરવો પડે.

(૧૫)ઈન્કમટેક્ષ રીટર્નમાં કોઇ આવક બતાવવી રહી ગઇ હોય તો જે તે નાણાકીય વર્ષ પૂરું થાય પછી ૨ વર્ષની અંદર "UPDATED RETURN" ફાઇલ કરવાની જોગવાઇ છે તે પ્રમાણે નાણાકીય વર્ષ પૂરૂં થયા પછી પહેલા વર્ષની આવકમાં સુધારો કરવાનો હોય તો ટેક્ષ + વ્યાજ +૨૫% ટકા પેનલ્ટીની રકમ ભરીને કરી શકાશે અને જો બીજા વર્ષની આવકમાં સુધારો કરવાનો હોય તો ટેક્ષ + વ્યાજ + ૫૦% પેનલ્ટીની રકમ ભરીને કરી શકાશે. "UPDATED RETURN" માં આવક ઘટાડી શકાશે નહીં કે રીફંડ માંગી શકાશે નહીં.

(૧૬)કોઈપણ વ્યક્તિ પાસેથી લોન લેવામાં આવે તો લોન આપનારે જે લોનની રકમ આપી હોય તે લોનની રકમ તેની પાસે કાયદેસર આવેલી તે પુરવાર કરવાની જવાબદારી લોન લેનાર ઉપર નાંખવામાં આવી છે. એટલે કે અત્યાર સુધી જેની પાસેથી લોન લઇએ તે સોર્સનો પુરાવો આપવાનો રહેતો હતો તેમાં સુધારો કરીને હવે સોર્સના સોર્સને લગતો પુરાવો પણ આપવો ફરજીયાત કર્યો છે અને જો લોન લેનારા આ રીતે લોન આપનાર પાસેથી લીધેલી લોનની રકમ તેને કયા સોર્સમાંથી આપેલી છે તે કાયદેસર પુરવાર ના કરી શકે તો લોન લેનારને ૭૮% ઈન્કમટેક્ષ ભરવાની જવાબદારી આવે + પેનલ્ટી લાગે એટલે લોનની રકમ જમા કરતા પહેલા સો વાર વિચારવું.

## (૨૧) શેરોના કેપિટલ ગેઈન ની વિશિષ્ટ જોગવાઈ :

(૧) જે શેરોના તથા મ્યુચ્યુઅલ ફંડના (ઈક્વીટી ઓરીએન્ટેડ) ખરીદ વેચાણ ઉપર STT ભરેલો હોય અને ખરીદ તારીખથી બાર મહિના પછી તેનું વેચાણ કરવામાં આવે તો આવા શેરના વેચાણ ઉપર જે નફો થાય તે રૂા.

૧,૦૦,૦૦૦/- સુધી માફ છે અને બાકીની રકમ ઉપર ૧૦% પ્રમાણે લોંગ ટર્મ કેપીટલ ગેઈન ટેક્ષ લાગશે.

(૨) આવા શેર જો ૩૧/૦૧/૨૦૧૮ પહેલા ખરીદ કરેલ હોય તો તેની ૩૧/૧/૨૦૧૮ ની સ્ટોક એક્સચેન્જની લીસ્ટેડ કિંમત કોસ્ટ તરીકે બાદ મળે છે.

(૩) આવા શેરની ખરીદ કિંમતની ઈન્ડેક્સ કોસ્ટ બાદ મળશે નહીં.

(૪) જે શેર/મ્યુ.ફંડનું વેચાણ ખરીદ તારીખથી બાર મહિનાની અંદર કરવામાં આવે તે શોર્ટ ટર્મ કેપીટલ ગેઈન ગણાય અને તેના ઉપર ૧૫% પ્રમાણે ઈ.ટેક્ષ લાગે.

## (૨૨) શેરો સિવાય ની અન્ય મિલકતના ૨૪ મહિના પછીના વેચાણ ઉપર લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્ષ ૨૦% પ્રમાણે લાગે અને નિયમ પ્રમાણે નવા રહેવાના મકાનમાં કે કેપીટલ ગેઈન બોન્ડની સ્કીમમાં રોકાણ કરવામાં આવે તે મજરે મળે.

## (૨૩) ગીફ્ટ (બક્ષિસ) અંગે ઈન્કમટેક્ષ ની જોગવાઈ :-

(૧) વ્યક્તિ ને એક નાણાંકીય વર્ષમાં એક વ્યક્તિ કે વધારે વ્યક્તિઓ પાસેથી કુલ રૂા. ૫૦,૦૦૦/- (રૂા. પચાસ હજાર) સુધીની રોકડા/ચેક/ વસ્તુ કે મિલકતના રૂપમાં મળેલી બક્ષિસ માફ છે.

(૨) પરંતુ જો નક્કી કરેલ સગા સિવાયની વ્યક્તિ પાસેથી રૂા. ૫૦,૦૦૦/- થી વધુ રકમની બક્ષીશ મળે તો બક્ષિસની બધી રકમ આવકમાં ગણાય અને જે તે વર્ષની આવકમાં ઉમેરવામાં આવશે અને તેના ઉપર ઈ.ટેક્ષ ભરવો પડશે.

(૩) વ્યક્તિને જો તેના **નીચેના સગા પાસેથી** કુદરતી વહાલ અને પ્રેમના કારણે બક્ષીશની રકમ મળી હોય તો તે આવક તરીકે ગણાશે નહીં.

(૧) માતા-પિતા (૨) દાદા-દાદી (૩) નાના-નાની (૪) ભાઈ-ભાભી (૫) બેન-બનેવી (૬) પુત્ર-પુત્રવધુ (૭) પુત્રી-જમાઇ (૮) પૌત્ર-પૌત્રવધુ (૯) પ્રપૌત્ર-પ્રપૌત્રવધુ (૧૦) સાળી-સાઢુ (૧૧) સાળા-સાળાવેલી (૧૨) વડસાસુ-વડસસરા (૧૩) નણંદ-નણદોઈ (૧૪) જેઠ-જેઠાણી (૧૫) દિયર-દેરાણી (૧૬) કાકા-કાકી (૧૭) મામા-મામી (૧૮) માસા-માસી (૧૯) ફોઈ-કુવા (૨૦) પતિ-પત્ની (૨૧) સાસુ-સસરા

(૪) પરંતુ સાસુ-સસરા પુત્રવધુને બક્ષીસ આપે કે પતિ - પત્ની એક બીજાને ગીફ્ટ આપે તો આવી ગીફ્ટની રકમમાંથી જે આવક થાય તે ગીફ્ટ આપનારની આવક ગણી તેની આવકમાં ગણાશે એટલે આવી ગીફ્ટ આપવાનો કોઈ ફાયદો નથી.

(૫) નીચેના સગા પાસેથી મળેલી રૂા. ૫૦,૦૦૦/- થી ઉપરની કુલ ગીફ્ટ ટેક્ષેબલ છે.

(૧) ભત્રીજો-ભત્રીજી (૨) ભાણો-ભાણી (૩) ફૂવાજી-ફઈજી (૪) માસાજી-માસીજી (૫) કાકા-સસરા-કાકી સાસુ (૬) કોઈપણ સગાના HUF

(૬) અપવાદરૂપે નીચેની બક્ષિસ આવકમાં ગણાશે નહીં.

(૧) વ્યક્તિને લગ્ન પ્રસંગે મળેલી બક્ષીસની રકમ

(૨) વ્યક્તિ કે તેના HUF ને વીલ કે વારસાઈથી મળેલ રકમ

## (૨૪) ભાગીદારી પઢીના ડીઝોલ્યુશન અથવા પેઢીના બંધારણમાં ફેરફાર (Re-Constitution) ના પ્રસંગે ભાગીદારને મળતી મિલકત કે ચૂકવાતી રકમ ઉપર ભાગીદારી પેઢીની કેપિટલ ગેઈન ટેક્ષની જવાબદારી :-

(૧) ભાગીદારી પેઢીના વિસર્જન વખતે કે ભાગીદારી પેઢીના બંધારણમાં ફેરફાર કરતી વખતે ભાગીદારોને મૂડીરૂપે મિલ્કતની વહેંચણીના વ્યવહાર ઉપર આવી મિલ્કતની બજાર કિંમતને ટ્રાન્સફર ગણી ઉદ્દભવતા નફાની રકમ ઉપર કેપિટલ ગેઈન ટેક્ષ લાગશે.

(૨) પેઢીના સરવૈયા પ્રમાણેની મિલકતનું રીવેલ્યૂએશન કરીને અથવા ગુડવીલ ઉભી કરીને ભાગીદારો ખાતે જે મૂડી જમા કરેલ હોય અને ભાગીદારને વિસર્જન વખતે કે ભાગીદારીમાંથી છુટા થતી વખતે તે મિલકતની વહેંચણી કે મુડી ખાતાની જમા રકમ સંબંધી નિયત જોગવાઇ પ્રમાણે કેપિટલ ગેઈન ટેક્ષની ગણત્રી કરીને ભાગીદારી પેઢીએ તેના ઉપર કેપિટલ ગેઈન ટેક્ષ ભરવો પડે.

આ જોગવાઇ ભાગીદારનાં છુટા થવાનાં પ્રસંગે કે ભાગમાં ફેરફાર થાય કે નવા ભાગીદાર દાખલ થાય તેવા

પ્રસંગે પણ લાગુ પડે આવા પ્રસંગે અમને રૂબરૂ મળવું.

**(૨૫) જાહેર ધર્માદા ટ્રસ્ટને લગતી મહત્વની નવી જોગવાઈઓ :-**

(૧) નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં કલમ 80G હેઠળ જે દાન મળેલ હોય તેનું વાર્ષિક રિટર્ન ફોર્મ 10BD તારીખ ૩૧/૦૫/૨૦૨૩ સુધી ભરવું પડે.

(૨) દાતાઓને જે તે વખતે દાનની પાવતી આપી હોય તે ઉપરાંત દાતાને કલમ 80G હેઠળ કપાત બાદ લેવા માટે આવા ટ્રસ્ટનું દાનનું વાર્ષિક રિટર્ન ફોર્મ 10BD ભરવામાં આવે તે વખતે ફોર્મ 10BE ડાઉનલોડ કરીને દાતાને આપવું પડે.

(૩) ટ્રસ્ટને જે કોર્પસ ડોનેશન મળ્યું હોય તે તા. ૧/૪/૨૦૨૧ પહેલા કલમ 11 હેઠળ માફ મળતું હતું. તેમાં સુધારો કરીને તા. ૧/૪/૨૦૨૧ થી ફેરફાર કરેલ છે. કે આવુ કોર્પસ ડોનેશન કલમ 11(5) હેઠળ નિયત કરવામાં આવેલ ઈન્વેસ્ટમેન્ટ માં રોકાણ કરેલું હોય તો જ બાદ મળશે નહીંતર આવકમાં ગણાશે **એટલે કોર્પસ ડોનેશન ટ્રસ્ટના અન્ય હેતુઓ માટે વાપરેલ હોય તો બાદ મળશે નહિં. એટલે કે કોર્પસ ડોનેશન બેંક વિગેરેમાં કલમ 11(5) માં જે જોગવાઈ છે તે પ્રમાણે રોકાણ કરવું ફરજીયાત થયું છે. તેમાં એકજ અપવાદ છે કે આવું કોર્પસ ડોનેશન મકાન (બિલ્ડીંગ) માં વાપરી શકાશે.**

(૪) એટલે જે ટ્રસ્ટ પાસે તા. ૩૧/૩/૨૦૨૧ સુધીનું કોર્પસ ડોનેશન જમા હોય તેવા ટ્રસ્ટે તા. ૧/૪/૨૦૨૧ પછી જે કોર્પસ ડોનેશન મળે તેના અલગ ખાતા હિસાબમાં રાખવા હિતાવહ છે.

(૫) જે ટ્રસ્ટને કોર્પસ ડોનેશન મળતું હોય તેમણે ખુબ કાળજી લઈ નવી જોગવાઈનું પાલન કરવું જરૂરી છે અને જરૂર પ્રમાણે રૂબરૂ મળીને સમજણ લેવી.

(૬) ટ્રસ્ટ દ્વારા કોઈ લોન કે બોરોઈંગ ની રકમ ટ્રસ્ટના હેતુ માટે ખર્ચ માટે લેવામાં આવી હોય તો આવો ખર્ચ હવે બાદ મળવાપાત્ર નથી પણ જયારે લોન કે બોરોઈંગનું પેમેન્ટ કરવામાં આવે ત્યારે બાદ મળે.

(૭) ટ્રસ્ટના કેસમાં નુકશાનની રકમ આગળ ખેંચી શકાતી અને પછીના વર્ષની આવકમાંથી બાદ લઈ શકાતી હતી તે જોગવાઈમાં સુધારો કરીને આવું નુકશાન બાદ મળશે નહિ તેવી જોગવાઈ કરી છે.

(૮) જે ટ્રસ્ટની કુલ આવક ઈન્કમટેક્ષની બેઝીક માફી રકમ એટલે કે ૨૫૦૦૦૦/- થી વધારે હોય તેવા ટ્રસ્ટે ઈન્કમટેક્ષ કાયદાની જોગવાઈ પ્રમાણે હિસાબી ચોપડા, પાવતી બુકો વિગેરે સાહિત્ય રાખવું ફરજીયાત છે એટલું જ નહીં પણ સાત વર્ષ માટે જાળવી રાખવું ફરજીયાત છે નહીંતર દંડ થાશે.

(૯) ટ્રસ્ટમાંથી ટ્રસ્ટીને ગેરવ્યાજબી લાભ મળે તો આવકમાં ઉમેરાશે અને દંડ પણ થાશે.

(૧૦)ટ્રસ્ટની આવકમાંથી જે ખર્ચ કર્યો હોય તેનું પેમેન્ટ A/c Payee ચેકથી કરેલું હોય તો જ બાદ મળશે અને કોઈ ખર્ચના પ્રોવિઝનની રકમ બાદ મળશે નહીં

**(૨૬) ઈન્કમટેક્ષ આકારણીની સંપૂર્ણ કાર્યવાહી ઓનલાઈન કરવામાં આવેલ છે એટલે વેપારી ભાઈઓએ ઈન્કમટેક્ષ રીટર્નમાં જે E-mail ID આપેલ હોય તે રોજ ચેક કરવી જરૂરી છે અને આકારણી કાર્યવાહીની જેમ ઈન્કમટેક્ષ અપીલ અંગેની કાર્યવાહી પણ ઓનલાઈન કરવામાં આવેલ છે અને ભવિષ્યમાં ઈન્કમટેક્ષ ટ્રીબ્યુનલ ની અપીલોની કાર્યવાહી પણ ઓનલાઈન કરવાનું આયોજન છે.**

**(૨૭) નવા બજેટમાં સૂચવેલા અગત્યના સુધારા :-**

(૧) નવી સ્કીમના ઈન્કમટેક્ષ દર માં નીચે પ્રમાણે સુધારો ( F.Y. ૨૦૨૩-૨૪ થી)

| કરપાત્ર આવક | આવક વેરાનો દર | + ટેક્ષની રકમ ઉપર સરચાર્જ | = ટોટલ | + હેલ્થ + એજ્યુ. સે. | = કુલ દર |
|---|---|---|---|---|---|
| પ્રથમ ત્રણ લાખ સુધી | ૦% | ૦% | ૦% | ૦% | ૦% |
| ત્રણ લાખથી છ લાખ સુધી | ૫% | ૦% | ૫% | ૪% | ૫.૨૦% |
| છ લાખથી નવ લાખ સુધી | ૧૦% | ૦% | ૧૦% | ૪% | ૧૦.૪૦% |
| નવ લાખથી બાર લાખ સુધી | ૧૫% | ૦% | ૧૫% | ૪% | ૧૫.૬૦% |
| બાર લાખથી પંદર લાખ સુધી | ૨૦% | ૦% | ૨૦% | ૪% | ૨૦.૮૦% |
| પંદર લાખથી પચાસ લાખ સુધી | ૩૦% | ૦% | ૩૦% | ૪% | ૩૧.૨૦% |
| પચાસ લાખથી ૧ કરોડ સુધી | ૩૦% | ૧૦% | ૩૩% | ૪% | ૩૪.૭૨% |
| એક કરોડથી ૨ કરોડ સુધી | ૩૦% | ૧૫% | ૩૪.૫૦% | ૪% | ૩૫.૮૮% |
| બે કરોડથી વધુ | ૩૦% | ૨૫% | ૩૭.૫૦% | ૪% | ૩૯% |

(૧) નવી સ્કીમમાં વ્યક્તિને ટેક્ષ રીબેટ બાદ કરતાં સાત લાખની આવક સુધી કોઇ ટેક્ષ ભરવાનો આવશે નહીં.

(૨) નવી સ્કીમમાં પગાર અને પેન્શનની આવકમાંથી પચાસ હજાર સુધી સ્ટાન્ડર્ડ ડીડક્શન બાદ મળશે. (જે અગાઉ નહોતું મળતું.)

(૨) ૧/૪/૨૦૨૩ પછી વિમાની પોલીસી ઉપર વર્ષ દરમિયાન પાંચ લાખથી વધુ પ્રિમીયમ ભરવામાં આવે તો આવી વિમાની પોલીસી પાકે ત્યારે તે આવક ગણાશે પરંતુ મૃત્યુ થવાથી આવી પોલીસી હેઠળ વીમાની રકમ મળે તો આવક ગણાશે નહીં.

(૩) MSME (માઇક્રો, સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઇઝ ) ને ૪૫ દિવસ પછી પણ ઇન્કમટેક્ષ રીટર્ન ભરવાની ડ્યુ તારીખ પહેલા ખરીદી કે ખર્ચનું પેમેન્ટ કરવામાં આવે તો જ આવકમાંથી બાદ મળશે.

(૪) ધંધા કે વ્યવસાય સાથે સંકળાયેલ લાભ કે સવલત (Perquisite) રોકડમાં કે વસ્તુમાં પુરી પાડવામાં આવે તો આવક ગણાશે.

(૫) કલમ 44AD ની જોગવાઇ માં ધંધાની જો ૯૫% રીસિપ્ટ/ટર્નઓવરનું પેમેન્ટ A/c Payee ચેક/ડ્રાફ્ટ કે ECS થી મળેલું હોય તો ટર્નઓવરની મર્યાદા બે કરોડથી વધારીને ત્રણ કરોડ કરવામાં આવેલ છે.

(૬) કલમ 44AD ની જોગવાઇમાં પ્રોફેશનલની જો ૯૫% રીસિપ્ટ/ટર્નઓવરનું પેમેન્ટ A/c Payee ચેક/ડ્રાફ્ટ કે ECS થી મળેલું હોય તો ટર્નઓવરની મર્યાદા પચાસ લાખથી વધારીને પંચોતેર લાખ કરવામાં આવેલ છે.

(૭) વ્યક્તિ/ HUF ના કેસમાં કેપીટલ ગેઇન ટેક્ષમાંથી માફી મેળવવા માટે કેપિટલ ગેઇન બોન્ડમાં કે રહેવાના નવા મકાનમાં ગમે તેટલું રોકાણ કરી શકાતું હતું તેમાં હવે દસ કરોડ સુધીની મર્યાદા રાખી છે.

(૮) જોઇન્ટ ડેવલોપમેન્ટ એગ્રીમેન્ટ માટે કલમ 194IC હેઠળ સ્ટેમ્પ ડ્યૂટીની રકમ + રોકડ / ચેક/ડ્રાફ્ટ અન્ય રીતે મળેલ રકમ ગણવાની જોગવાઇ કરી છે.

(૯) ચેરીટેબલ ટ્રસ્ટ માટે તારીખ : ૧/૪/૨૦૨૧ પહેલા કોર્પસ ડોનેશન કે લોન કે બોરોઇંગમાંથી કરેલો ખર્ચ તારીખ : ૧/૪/૨૦૨૧ પછી કોર્પસમાં ફેરવી શકાશે નહીં.

(૧૦) લોન કે ઇન્વેસ્ટમેન્ટનું રીપેમેન્ટ પાંચ વર્ષ પછી કરવામાં આવે તો કોર્પસ ફંડમાં ગણાશે નહીં.

(૧૧) એક ટ્રસ્ટ બીજા ટ્રસ્ટને દાન આપે તો ૮૫% રકમ જ બાદ મળશે.

(૧૨) શ્રી જવાહરલાલ નહેરૂ મોમોરિયલ ફંડ / ઇન્દિરા ગાંધી મેમોરિયલ ટ્રસ્ટ / રાજીવ ગાંધી ફાઉન્ડેશનને કરેલું દાન કમલ 80G હેઠળ બાદ મળશે નહીં.

(૧૩) જે ટ્રસ્ટ તેના હેતુ અંગે પ્રવૃત્તિ શરૂ કરે તે ટ્રસ્ટે પ્રોવિઝનલ રજિસ્ટ્રેશન માટે અરજી કરવાને બદલે રેગ્યુલર રજિસ્ટ્રેશન માટે અરજી કરવાની રહેશે. (તા. ૧/૧૦/૨૦૨૩ થી)

(૧૪) પ્રિન્સીપાલ કમીશ્નર ઓફ ઇન્કમટેક્ષ / કમીશ્નર ઓફ ઇન્કમટેક્ષ ને લાગે કે કોઇ ટ્રસ્ટે રજીસ્ટ્રેશનની અરજીમાં ખોટી માહિતી કે અધુરી માહિતી આપી છે તો કાયદાની જોગવાઇનો ભંગ ગણાશે અને આપેલું રજીસ્ટ્રેશન રદ કરી શકશે.

(૧૫)કોઇ ટ્રસ્ટ ઇ.ટેક્ષ રજીસ્ટ્રેશન રીન્યુઅલ માટે અરજી ના કરે તો કાયદાની જોગવાઇ નો ભંગ ગણાશે.

(૧૬)કલમ 11 હેઠળ ચાલુ વર્ષનો ખર્ચ પછીના વર્ષમાં બાદ લેવો હોય તે માટે ભરવાનું ફોર્મ 9A તથા પાંચ વર્ષ સુધી ટ્રસ્ટના હેતુના વિકાસ માટે અલગ FD માં રાખવાની રકમની જોગવાઇ માટે ભરવું પડતું ફોર્મ 10 અત્યારે રીટર્ન ભરતા પહેલા ભરવાની જોગવાઇ છે તે હવે રીટર્ન ભરવાની તારીખના બે મહિના પહેલા ભરવાની સમયમર્યાદા નક્કી કરી છે એટલે ટ્રસ્ટના રીટર્ન ઓડિટ કરવાની મર્યાદા તારીખ : ૩૧/૧૦/૨૦૨૩ છે એટલે ૩૧/૮/૨૦૨૩ સુધીમાં ટ્રસ્ટે આવા ફોર્મ 9A અને ફોર્મ 10 ભરવા પડે (આ જોગવાઇ A.Y. ૨૦૨૩-૨૪ થી લાગુ પડે છે.)

# : GST :

## (૧) ઓનલાઇન E-Invoice બનાવવા અંગે :-

(૧) F.Y. 2017-18 થી 2022-23 સુધીમાં કોઇ પણ એક વર્ષમાં વેપારીનું કુલ વેચાણ રૂા. ૧૦ કરોડથી વધારે થયુ હોય તો તેવા વેપારીએ પછીના નાણાંકીય વર્ષથી વેચાણના બીલો, ક્રેડીટ નોટ, ડેબીટ નોટ, GST ના E-Invoice પોર્ટલ ઉપરથી IRN NUMBER તથા QR CODE જનરેટ કરીને બનાવવાં ફરજીયાત કરેલ છે.

(૨) મોટા ભાગનાં એકાઉન્ટીંગ સોફ્ટવેરમાં ઓનલાઇન E-INVOICE જનરેટ કરવાની ફેસીલીટી હોય છે. તેના દ્વારા E-INVOICE જનરેટ કરવા. જે વેપારીઓને આ અંગે કાંઇ સમજવું હોય તો અમને ફોન કરવો.

(૩) E-INVOICE જે વેપારીઓને બનાવવાનું હોય તેઓ જો E-Invoice ન બનાવે તો,

(૧) Invoice માં લાગેલ GST ની રકમ કે ૧૦,૦૦૦/- જે વધારે હોય તે.

(૨) માલ લેનાર વેપારીને Invoice માં લગાડેલ GST ની ક્રેડીટ ન મલે.

(૪) E ઇનવોઇસ બનાવો તો પણ E Way Bill ઓનલાઇન બનાવવું ફરજીયાત છે.

## (૨) ઓનલાઇન E Way Bill બનાવવા અંગે :-

(૧) GST સાથે કુલ ૫૦,૦૦૦/- થી વધારે રકમનું વેચાણ કરવામાં આવે અને આવું વેચાણ જે તે વેચાણ કરનારના ગામની મ્યુનીસીપલ કે પંચાયતની હદની બહારના કોઇ વેપારીને કરવામાં આવે તો ઓન લાઇન E-Way Bill બનાવવું ફરજીયાત છે.

(૨) વેપારીનું ગોડાઉન તેના રજીસ્ટર્ડ એડ્રેસમાં જે ગામ લખેલ હોય તેની મ્યુનીસીપલ હદની બહાર અન્ય કોઇ ગામમાં આવેલું હોય તો પણ માલ જ્યારે રજીસ્ટર્ડ ઓફિસથી આવા ગોડાઉનમાં રવાના કરવામાં આવે ત્યારે ઓનલાઇન E-Way Bill બનાવવું ફરજીયાત છે. આ માટે ડીલેવરી ચલણ બનાવીને ઓનલાઇન E-Way Bill બનાવીને માલ રવાના થાય તેની સાથે આપવું જરૂરી છે.

(૩) માલનું ક્લીનીંગ કરવા કે અન્ય કોઇ જોબવર્ક કરવા માટે મ્યુનીસીપલ લીમીટની બહાર માલ મોકલવામાં આવે તો પણ ડીલેવરી ચલણ અને ઓનલાઇન જનરેટ કરેલું E-Way Bill આપવું ફરજીયાત છે.

(૪) જ્યાં ઓનલાઇન E-Way Bill આપવું ફરજીયાત છે તે જો આપવામાં ના આવે તો માલ ઉપરના GST ની રકમના ૨૦૦% પેનલ્ટી થઇ શકે છે.

## (૩) ત્રીમાસીક પત્રક :-

(૧) જે વેપારીઓનું પાછલા વર્ષનું ટર્ન ઓવર રૂા. ૫ કરોડથી ઓછું હોય અને Lumsum નો ઓપ્શન લીધેલ ન હોય તેવા વેપારીઓ ત્રીમાસીક રીટર્ન ભરવાનો ઓપ્શન Online સ્વીકારી શકશે.

(૨) આવા વેપારીઓએ ટેક્ષ દર મહીને જ ભરવાનો રહેશે.

(૩) જે વેપારીઓ ત્રીમાસીક પત્રક ભરતા હોય તેમણે દર મહીને જે વેચાણો કરેલ હશે તેની સામેનાં વેપારીને ટેક્ષની ક્રેડીટ મળશે નહીં. પરંતુ દર ત્રણ મહીને જ મળશે. પરંતુ આવા વેપારી GST પોર્ટલ ઉપર દર મહીને

IFF ફેસીલીટી દ્વારા વેચાણનાં ઇનવોઇસ અપલોડ કરે તો સામેનાં વેપારીને ક્રેડીટ મળશે. પરંતુ જો કોઇ મહિનામાં વેચાણ ૫૦ લાખથી વધુ હોય તો પછી IFF ફેસીલીટીથી Invoice અપલોડ થઇ શકે નહીં.

(૪) માસીક રૂા. ૫૦ લાખથી વધુ ટર્ન ઓવરવાળા વેપારીઓએ કુલ ટેક્ષનાં મીનીમમ ૧% રકમ ચલણથી ભરવાનો નિયમ છે. આની વિસ્તૃત માહિતી અમારા તા. ૦૮/૦૧/૨૦૨૧ ના GST સરક્યુલરમાં આપેલી છે તે જોઇ લેવી.

(૫) **GST નંબર સસ્પેન્ડ કરવાના નીચેના સંજોગોમાં સ્પેશ્યલ પાવર :-**

(૧) વેપારી એ તેના GSTR-1 રીટર્નમાં જે વેચાણો બતાવેલા હોય તેના કરતાં GSTR-3B રીટર્નમાં ઓછા વેચાણ બતાવે તો.

(૨) જે વેપારીને મીનીમમ ૧% ટેક્ષ ભરવાની જવાબદારી હોય અને જો આ ૧% ટેક્ષ ના ભરે તો.

(૩) GSTR-3B રીટર્નમાં તે મહીનાનાં GSTR-2B માં દેખાતી હોય તેનાથી વધારે ITC (ટેક્ષ ક્રેડીટ) માંગે તો.

(૪) જે વેપારીઓનો GST નંબર સસ્પેન્ડ કરવામાં આવે તેમને ઓનલાઇન તેની જાણ મેળવવી પડે પછી વેપારીએ તેનો યોગ્ય ખુલાસો આપવાનો રહેશે. વેપારીનો ખુલાસો અધિકારીને જો યોગ્ય નહીં લાગે તો GST નંબર જે તારીખથી સસ્પેન્ડ કરવામાં આવેલ હોય તે તારીખથી કેન્સલ કરવામાં આવશે અને જો ખુલાશો યોગ્ય લાગશે તો નંબર રીસ્ટોર કરી આપશે.

(૫) જે વેપારીનો GST નંબર સસ્પેન્ડ કરવામાં આવે તેને કોઇ રીફંડ આપવામાં આવશે નહી.

(૬) **ટેક્ષ ક્રેડીટ (ITC) રીટર્નમાં માંગવાનો નિયમ :-**

(૧) વેપારીઓ તેમનું GSTR-3B રીટર્ન ભરે ત્યારે તેમના તે મહીનાના GSTR-2B માં ITC દેખાતી હોય તેટલીજ ITC માંગી શકશે. જો કોઇ વેપારી GSTR-3B રીટર્નમાં તેના GSTR-2B માં દેખાતી હોય તેનાથી વધારે ITC ની ક્રેડીટ માંગશે તો આવા વેપારીનો GST નંબર સસ્પેન્ડ કરી શકાશે. એટલે આવા વેપારી ધંધો કરી શકશે નહી.

(૨) મોટુ ટર્ન ઓવર ધરાવતાં વેપારીઓ રૂા. ૫ કરોડથી ઓછુ ટર્ન ઓવર વાળા વેપારીઓ પાસેથી માલ ખરીદશે તો તેમને આવી ખરીદીઓના ટેક્ષની ક્રેડીટ સામેનો વેપારી ૩ મહિને તેનું GSTR-1 રીટર્ન ભરે ત્યારેજ મળી શકશે. સિવાય કે સામેનો વેપારી દર મહીનાનાં તેના વેચાણ બીલો GST ડીપાર્ટમેન્ટની વેબસાઇટ ઉપર IFF દ્વારા અપલોડ કરે અથવા દર મહિને રીટર્ન ભરે.

(૭) **ધંધાનાં વધારાનાં સ્થળ/ગોડાઉનો ની નોંધણી :-**

દરેક વેપારીએ પોતાના ધંધાનો માલ રાખવા માટે જે ગોડાઉનો રાખેલા હોય તેની જાણ તુરંત Online પોર્ટલ ઉપર કરવી ફરજીયાત છે નહીંતર તે માટે પેનલ્ટી થાય છે. જો કોઇ વેપારીને ત્યાં GST નું ચેકીંગ આવે અને તેનાં ચોપડાનો માલ જે ગોડાઉનમાં પડેલ હોય તે જો GST માં નોંધાવેલ નહીં હોય તો ડીપાર્ટમેન્ટ આવા ગોડાઉનમાં પડેલ માલ ચોપડા બહારનો છે તેવું માનીને કાર્યવાહી કરશે અને વેપારીને ખોટી હેરાનગતી થશે. એટલે તમારો માલ જ્યાં રાખતા હો તે તથા ચોપડામાં ભાડું ઉધારેલ હોય તેવાં બધા ગોડાઉનો તમારા GST નંબરમાં નોંધાયેલા હોવા ખુબજ જરૂરી છે. જે વેપારીઓને આવા ગોડાઉન નોંધાવવાનાં બાકી હોય તેમણે આવા ગોડાઉનો ભાડે રાખ્યાની નોટરી કરેલ ભાડા ચીઠ્ઠી તથા ગોડાઉન માલિકની ગોડાઉનની માલીકીનો પુરાવો તુરંત અમને મોકલવો અને ફોન થી કે રૂબરુ જાણ કરવી જેથી Online ગોડાઉનની નોંધણી કરી શકાય.

(૮) જો કોઇ વેપારી પોતાનો માલ જોબવર્ક માટે કે ક્લીનીંગ કે સોર્ટેક્ષ માટે અન્ય કોઇ પાર્ટીને ત્યાં મોકલે તો આવા વેપારીએ તેનું ક્વોર્ટરલી રીટર્ન ITC-04 ત્રણ મહિના પતે પછી ૨૫ દિવસમાં ભરવું ફરજિયાત છે. એટલે જે વેપારીઓ આવી રીતે જોબવર્ક માટે કે ક્લીનીંગ/સોર્ટેક્ષ વિ. માટે માલ મોકલતા હોય તેમણે તેની ત્રીમાસિક વિગત અમને મોકલવી જેથી ITC-04 નું રીટર્ન સમયસર ભરી શકાય.

જો કોઇ વેપારી જોબવર્ક/ક્લીનીંગ / સોટેક્ષ વિ. માટે માલ જ્યાં મોકલતા હોય ત્યાંથી જ જો માલ બારોબાર વેચાણ માટે ડીસ્પેચ કરાવતા હોય તો તેમણે આવી પાર્ટીનું જે ધંધાનું સ્થળ હોય તે તેમના GST નંબરમાં વધારાના

સ્થળ તરીકે બતાવવું ફરજીયાત છે. નહીંતર મોટી પેનલ્ટી થઇ શકે છે.

(૯) F.Y. ૨૦૨૨-૨૩ નો એડવોકેટ ફી નો, ટ્રાન્સપોર્ટેશન કે કાલા-કપાસનો RCM ભરવાનો રહી ગયેલ હોય તો માર્ચ ૨૦૨૩ કે એપ્રિલ થી સપ્ટેમ્બર-૨૦૨૩ સુધીનાં GSTR-3B રીટર્નમાં બતાવીને ભરી દેવો જોઇએ. તે પછી ભરવામાં આવે તો તેની ક્રેડીટ ના મળે.

(૧૦) દરેક વેપારીએ F.Y. ૨૦૨૨-૨૩ ના વર્ષના GSTR-2B માં તેમનાં ચોપડા મુજબની મજરે માંગેલ બધી ITC આવી ગઇ કે કેમ ? તે ચેક કરી લેવું અને જો કોઇ ITC GSTR-2B માં દેખાતી ના હોય તો જે તે પાર્ટીનો કોન્ટેક્ટ કરી એપ્રિલથી ઓક્ટોબર ૨૦૨૩ સુધીનાં GSTR-1 રીટર્નમાં એમેન્ડમેન્ટ કરી આવી ITC તમારા GSTR-2B માં દેખાય તે માટે પાર્ટીને કહેવું. એમેન્ડમેન્ટ કરવાની છેલ્લી તારીખ ૩૦/૧૧/૨૦૨૩ છે.

(૧૧) વર્ષ દરમ્યાન GSTR-1 રીટર્નમાં કોઇ વેપારીનાં બીલ નંબર, બીલની રકમ, GST નંબર વિગેરેમાં કોઇ ભૂલ થઇ ગઇ હોય તો નવેમ્બર ૨૦૨૩ સુધીમાં GSTR-1 રીટર્ન ભરીએ ત્યાં સુધીમાં તે ફેરફાર કરી શકાશે. ત્યાર બાદ આવો કોઇ ફેરફાર થઇ શકશે નહી.

(૧૨) જે વેપારીઓ LUT થી એક્ષપોર્ટ કરતાં હોય તેમણે F.Y. ૨૦૨૩-૨૪ માટે તા. ૩૧/૦૩/૨૦૨૩ સુધીમાં LUT નું નવું સર્ટીફીકેટ લઇ લેવું પડે. નહીંતર નવા વર્ષમાં જે તારીખે અરજી કરો તે તારીખથી અમલી LUT સર્ટીફીકેટ મળશે. કોઇ વેપારીને નવા વર્ષમાં એક્ષપોર્ટનો ધંધો કરવો હોય અને બીલમાં IGST લગાવ્યાં વગર LUT થી એક્ષપોર્ટ વેચાણ કરવું હોય તો અમને તુરંત જાણ કરવી. F.Y. ૨૦૨૨-૨૩ માં જેમણે LUT સર્ટીફીકેટ લીધેલા તેમના F.Y. ૨૦૨૩-૨૪ ના સર્ટીફીકેટ અમે રીન્યુ કરીને તેમને મોકલી દીધા છે. કોઇને નવા વર્ષનું સર્ટીફીકેટ ન મળેલ હોય તો અમને તુરંત જાણ કરવી.

(૧૩) જે વેપારીઓનું ટર્નઓવર રૂા. ૧.૫૦ કરોડથી ઓછું હોય અને લંપસમ ટેક્ષ ભરીને રીટર્ન ભરતા હોય તેવા વેપારીઓને હવે લંપસમ સ્કીમનાં બદલે રેગ્યુલર GST ભરીને રીટર્ન ભરવા હોય તો તેની અરજી GST ખાતામાં Online તા. ૩૧/૦૩/૨૦૨૩ સુધીમાં કરી દેવી પડે અને તેમની પાસે GST ભરેલ ખરીદીનો જે બંધસ્ટોક હોય તેમાં લાગેલા GST ની ક્રેડીટ લેવા માટે નિયત ફોર્મ તા. ૩૦/૦૪/૨૦૨૩ સુધીમાં Online ફાઇલ કરવું પડે. તો જ બંધ સ્ટોકનાં GST ની ક્રેડીટ મળે.

(૧૪) તેવીજ રીતે નોર્મલ રેટથી GST ભરીને રીટર્ન ભરતા હોય તેવા વેપારીઓને તેમનું ટર્ન ઓવર F.Y. ૨૦૨૨-૨૩ માં ૧.૫ કરોડથી ઓછુ હોય અને F.Y. ૨૦૨૩-૨૪ માં લંપસમ ટેક્ષ ભરવાનો ઓપ્શન લેવો હોય તો તા. ૩૧/૦૩/૨૦૨૩ નાં જે બંધ સ્ટોક હોય અને તેમાં લાગેલા GST ની ક્રેડીટ ITC લેજરમાં જમા હોય તો તે ક્રેડીટ જતી કરવી પડે અને તે અંગેનું નિયત ફોર્મ ભરવું પડે.

(૧૫) જે ટ્રાન્સપોર્ટરને ટ્રાન્સપોર્ટેશનના બીલમાં ૫% કે ૧૨% ફોરવર્ડ ચાર્જ તરીકે GST લગાવવો હોય તેમણે વર્ષ શરૂ થાય તેના ૧૫ દિવસ પહેલા Online ઓપ્શન માંગવો પડે જો ૧૨% નો ઓપ્શન લેવામાં આવે તો ટ્રાન્સપોર્ટરને તેની Inputs જેવી કે ટ્રકની ખરીદી, ટ્રક, ટાયર તથા રીપેરીંગ વિગેરેમાં લાગેલ GST ની ક્રેડીટ મળે.

અમો આશા રાખીએ છીએ કે ઉપરની માહિતી તમને ઉપયોગી થાશે. આ અંગે કોઇ સ્પષ્ટતા કરવી હોય કે વિશેષ માહિતીની જરૂર હોય તો અમારો રૂબરૂ સંપર્ક કરવો.

લી.

ધીરૂભાઈ - કનુભાઈ

પીયુષભાઈ - નીખિલભાઈ